dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 262 | AD - 2025, Ashadh Sud-1 | Thursday, Dt.26-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કટોકટીની ૫૦મી વર્ષગાંઠ પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

# કટોકટીના સમયને કોઈપણ ભારતીય ક્યારેય ભૂલી શકતો નથી : મોદી

નવીદિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ જૂન ૧૯૭૫ ના રોજ દેશમાં લાદવામાં આવેલી કટોકટીની ૫૦મી વર્ષગાંઠ પર કોંગ્રેસ પર મોટો હુમલો કર્યો હતો. કટોકટીના દિવસોને યાદ કરતા તેમણે કહ્યું કે આજે કટોકટી લાદવાની ૫૦મી વર્ષગાંઠ છે, જે ભારતના લોકશાહી ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંનું એક છે. આ તે સમય હતો જ્યારે તત્કાલીન કોંગ્રેસ સરકારે લોકશાહીને બંધક બનાવી હતી. પીએમ મોદીએ કહ્યું કે કોઈપણ ભારતીય ક્યારેય ભૂલી શકતો નથી કે આપણા બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કેવી રીતે કરવામાં આવ્યું હતું. સંસદનો અવાજ દબાવવામાં આવ્યો હતો અને અદાલતોને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૪૨મો સુધારો તેમના કાર્યોનું મુખ્ય ઉદાહરણ છે. ગરીબો, હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને દલિતોને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં તેમના ગૌરવનું અપમાન પણ સામેલ હતું.



વડાપ્રધાને કહ્યું કે અમે કટોકટી સામે લડતમાં અડગ રહેલા દરેકને સલામ કરીએ છીએ. આ લોકો સમગ્ર ભારતમાંથી, દરેક ક્ષેત્રમાંથી, વિવિધ વિચારધારાઓના હતા જેમણે એક જ હેતુ સાથે એકબીજા સાથે મળીને કામ કર્યું હતું. તેમનો ધ્યેય ભારતના લોકશાહી માળખાનું રક્ષણ કરવાનો અને તે આદર્શોને જાળવી રાખવાનો હતો જેના માટે આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમના સામૂહિક સંઘર્ષે સુનિશ્ચિત કર્યું કે તત્કાલીન કોંગ્રેસ સરકારને લોકશાહી પુનઃસ્થાપિત કરવી પડી અને નવી ચૂંટણીઓ યોજવી પડી. જેમાં તેઓ ખરાબ રીતે હારી ગયા. પીએમે લખ્યું કે આપણે આપણા બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતોને મજબૂત કરવા અને વિકસિત ભારતના આપણા સ્વપ્નને સાકાર કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. આપણે પ્રગતિની નવી ઊંચાઈઓને સ્પર્શ કરીશું અને ગરીબો અને વંચિતોના સપનાઓને પૂરા કરીશું. કટોકટીના દિવસોને યાદ કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે કટોકટી લાદવામાં આવી હતી, ત્યારે હું આરએસએસનો એક યુવાન પ્રચારક હતો. કટોકટી વિરોધી ચળવળ મારા માટે શીખવાનો અનુભવ હતો. તેણે આપણા લોકશાહી માળખાના રક્ષણના મહત્વને ફરીથી સ્થાપિત કર્યું. ઉપરાંત, મને રાજકીય ક્ષેત્રના બધા લોકો પાસેથી ઘણું શીખવા મળ્યું. મને ખુશી છે કે બ્લુક્રાફ્ટ ડિજિટલ ફાઉન્ડેશને તેમાંથી કેટલાક અનુભવોને પુસ્તકના રૂપમાં સંકલિત કર્યા છે. જેની પ્રસ્તાવના એચડી દેવેગૌડાજી દ્વારા લખવામાં આવી છે, જે પોતે કટોકટી વિરોધી ચળવળના અનુભવી હતા. પીએમ મોદીએ કહ્યું કે "ધ ઈમર્જન્સી ડાયરીઝ" એ કટોકટી દરમિયાનની મારી યાત્રાનો અહેવાલ છે. તેનાથી તે સમયની ઘણી યાદો તાજી થઈ ગઈ. હું એવા બધા લોકોને વિનંતી કરું છું જેઓ કટોકટીના તે કાળા દિવસોને યાદ કરે છે અથવા જેમના પરિવારોએ તે સમય દરમિયાન સહન કર્યું હતું તેઓ સોશિયલ મીડિયા પર તેમના અનુભવો શેર કરે. આનાથી યુવાનોમાં ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના શરમજનક સમય વિશે જાગૃતિ આવશે.


ખુશ ખબર સારા સમાચાર
TATA AIA LIFE INSURANCE
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli



આ છે અમારા વ્યાજબી ભાવની ગેરંટી...
Rs.999/- માં બ્રાન્ડેડ ચશ્માની ફ્રેમ ખરીદો
અને સાથે મેળવો UV પ્રોટેક્શન
(બ્લુકટ) ગ્લાસ તદ્દન ફ્રી ફ્રી ફ્રી
કોઈપણ ચશ્મા-ફ્રેમ, ગોગલ્સ કે કોન્ટેક્ટ લેન્સ અમારા કરતાં વ્યાજબી ભાવે મળે તો...
આપના પૈસા પરત...
તો રાહ શેની જોવાની છે? આજે જ પધારો...
RN ચશ્મા વાલા
દુ.નં. ૬૩, જીલ્લા પંચાયત રોડ, અમરેલી. મો. ૯૪૦૯૯ ૯૯૯૮૦



કારગીલ બોરવેલ
૧૨ મહિના અને ૨૪ કલાક શરૂ રહેતું એક માત્ર બોરવેલ
૫" (પાંચ ઈંચ) ના ઘર વપરાસના બોર માટે આજેજ અમારો સંપર્ક કરો...
બોરવેલની દુનિયામાં વર્ષોનો અનુભવ ધરાવતી ટીમ તેમજ તમિલનાડુની આધુનિક હાઈડ્રોલીક મશીનરી દ્વારા ઘર વપરાશના ૭૦૦ ફૂટ સુધી નાનામાં નાની જગ્યા તેમજ સાંકડી જગ્યામાં બોર કરી આપીશું
અમારા વિડીઓ જોવા YouTube Armaan Patel2342 - સબસ્ક્રાઈબ કરો
સંપર્ક સૂત્ર પરિમલ મૂંગલપરા
મો. ૯૯૭૮૪ ૦૩૯૮૪ / ૮૨૦૦૪ ૫૫૦૯૭


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુભાંશુને સફળ ઉડાન બદલ અભિનંદન આપ્યા



નવીદિલ્હી,તા.૨૫

ભારતે તેની અવકાશ યાત્રામાં ઐતિહાસિક છલાંગ લગાવી છે. ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી રોકેટનું પ્રક્ષેપણ સંપૂર્ણપણે સફળ રહ્યું છે. સ્પેસએક્સના ફાલ્કન ૯ રોકેટે સુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અવકાશયાત્રીઓના એક્સિઓમ-૪ મિશન સાથે ઉડાન ભરી છે. આખો દેશ તેમને અભિનંદન આપી રહ્યો છે. પીએમ મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, ડૉ. જીતેન્દ્ર સિંહ અને અન્ય ઘણા નેતાઓએ સફળ પ્રક્ષેપણ માટે આખી ટીમને અભિનંદન આપ્યા છે. તેમણે X પર એક પોસ્ટ દ્વારા આ મિશન અંગે ખુશી વ્યક્ત કરી છે.

જેમ જેમ ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લા ભારત માટે અવકાશમાં એક નવો સીમાચિહ્નરૂપ સર્જે છે, તેમ તેમ આખો દેશ એક ભારતીયની તારાઓમાંની સફર પર ઉત્સાહિત અને ગર્વ અનુભવે છે. તેઓ અને અમેરિકા, પોલેન્ડ અને હંગેરીના એક્સિઓમ મિશન ૪ ના તેમના સાથી અવકાશયાત્રીઓ સાબિત કરે છે કે વિશ્વ ખરેખર એક પરિવાર છે

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લાએ અવકાશમાં ભારત માટે એક નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે.


સંજય ટાયર્સ
ઓર્થો ડીલર દ્વારા વોરંટી રજીસ્ટ્રેશન ફરજીયાત છે.
એડ્રેસ : બ્રાહ્મણ બોર્ડિંગ શોપિંગ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૧૦૬૯ ૬૮૧૫૦
એડ્રેસ : ટોયોટા શોરૂમની બાજુમાં લાઠી રોડ બાયપાસ, અમરેલી. M. 97144 91655
YOKOHAMA
કાર ટાયર એક્ષચેન્જ ઓફર અને ઓલ ઈન્ડિયા વોરંટી*
NEW Earth-1 MAX
MILEAGE | FUEL SAVING | STRENGTH
Upto 20% improvement in Mileage and RRC compared to Earth 1



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮



RE-NEET - 2026
645/720 આદેસરા રૂત્વીક
643/720 સોળીયા મીત
614/720 બુટાણી વેદ
VIDHYAGURU RE-NEET ACADEMY
શું આપને NEET માં ઓછા માર્કસ છે?
RE-NEET Batch - 3.0 માં જોડાઈ આપના DOCTOR બનવાનું સપનું પૂર્ણ કરો
JUNE - 2025 થી નવી બેચ શરૂ
અમરેલી જીલ્લા NEET માં સર્વાધિક પરિણામ આપતી સંસ્થા અને અનુભવી શિક્ષકોની ટિમ
અંકુર ઠુંમ્મર Biology 14 Year | મેહુલ ધોળકિયા Chemistry 15 Year | જતીન મહેતા Physics 14 Year
Contact 98797 80470 81609 29141

# લીલીયા તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થયા

લીલીયા,તા.૨૫



લીલીયા ખારાપાટ વિસ્તારના સલડી, પુતળીયા, ટીંબડી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને નાના કણકોટ ગ્રામ પંચાયતની પેટાચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. આ ચૂંટણીની મતગણતરી લીલીયામાં મામલતદાર કચેરી ખાતે મામલતદાર બળદેવ પટેલની ઉપસ્થિતિમાં થઈ હતી. જેમાં સલડીમાં સરપંચપદે રમેશભાઈ વલ્લભભાઈ મકવાણા ૧૧૭૩ મત મેળવી હરીફ ઉમેદવાર સામે ૬૧૪ મતથી વિજેતા જાહેર થયા હતા. ટીંબડીમાં સરપંચ પદે બાબુભાઈ ડાવરા ૨૧૧ મત મેળવી હરીફ ઉમેદવાર સામે ૩૭ મતથી વિજેતા જાહેર થયેલ. પુતળીયામાં સરપંચપદે જસુબેન મૂળજીભાઈ સારીખડાને ૩૬૫ મત મળેલ તેમણે હરીફ ઉમેદવાર સામે ૩૪ મતથી જીત મેળવી હતી. નાના કણકોટમાં સરપંચ પદની પેટાચૂંટણીમાં સંજયભાઈ મનજીભાઈ બાબરીયા ૨૫૧ મત મેળવી વિજેતા જાહેર થયેલ હતા.

# બાબરા શહેરમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ, તંત્રના આંખ આડા કાન!

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં છેલ્લા ચાર મહિનાથી ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક લોકો કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે, અહીં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે અને "દૂધની જેમ દારૂની ડિલીવરી" આપવામાં આવી રહી છે, છતાં પોલીસ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. સ્થાનિક નાગરિકોના મતે, બાબરા પોલીસ અધિકારીઓના નેજા હેઠળ જ આ દારૂનો વેપાર ચાલી રહ્યો છે. અનેક વખત મીડિયા મારફત પોલીસ તંત્રને જગાડવાનો પ્રયાસ થયો છે, પરંતુ કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. ધારાસભ્ય અને ભાજપના આગેવાનોને પણ આ બાબતે રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. લોકો "અંધેરી નગરી અને ગંડુ રાજા" જેવી સ્થિતિ સર્જાઈ હોવાનું અનુભવી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, બાબરા તાલુકામાં બહારગામથી જો કોઈ દારૂ લઈને નીકળે તો પોલીસને તેની માહિતી મળી જાય છે, પરંતુ શહેરમાં ખુલ્લેઆમ થતા દારૂના વેચાણ અંગે પોલીસને કેમ જાણ નથી થતી તેવા સવાલો ઉઠી રહ્યા છે. યુવા પેઢી દારૂ-જુગારની લતે ચડે તે પહેલાં બાબરા શહેરમાં કડક અધિકારી મૂકવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.

## લાઠી-બાબરામાં નવનિયુક્ત સરપંચો-સભ્યોને ધારાસભ્ય જનક તળાવીયાએ અભિનંદન પાઠવ્યા

લાઠી, તા.૨૫



લાઠી અને બાબરા વિધાનસભા મતવિસ્તારમાં તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં વિજેતા બનેલા તમામ સરપંચો અને સભ્યોને ધારાસભ્ય જનક તળાવીયાએ ગામના સર્વાંગી વિકાસ અને એકતા જાળવી રાખવા માટે શુભેચ્છા પાઠવી હતી. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, "લોકશાહીના પાયા સમાન ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા તમામ સરપંચો અને સભ્યોને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મને ખાતરી છે કે તમે સૌ ગામના વિકાસ માટે ખંતપૂર્વક કાર્ય કરશો અને ગામમાં ભાઈચારો અને એકતા જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ રહેશો.

# વિસાવદર વિધાનસભા વિજયની આપ દ્વારા અમરેલીમાં ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૨૫




વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાના ઐતિહાસિક વિજયની ઉજવણી અમરેલી શહેરમાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. શહેરના રાજકમલ ચોક ખાતે યોજાયેલા વિજય કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, સમર્થકો અને સામાન્ય જનતાએ હાજરી આપી હતી. સમગ્ર વિસ્તારમાં વિજયના નારા ગુંજી ઉઠ્યા હતા. આ પ્રસંગે આમ આદમી પાર્ટી – ગુજરાતના અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ જણાવ્યું હતું કે, વિસાવદરની જનતાએ ન્યાય અને વિકાસ માટે મતદાન કર્યું છે. આ ઉજવણીમાં જિલ્લાના અગ્રણી કાર્યકર્તાઓ અને સ્થાનિક વરિષ્ઠ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મોકૂફ રાખવામાં આવી

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની જૂન-૨૦૨૫માં યોજાનારી બેઠક મોકૂફ રાખવામાં આવી છે. અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટર દ્વારા એક અખબારી યાદીમાં આ માહિતી આપવામાં આવી છે. સંબંધિત પદાધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓને આ અંગે નોંધ લેવા જણાવાયું છે. બેઠક મોકૂફ રાખવાનું ચોક્કસ કારણ દર્શાવવામાં આવ્યું નથી. નવી તારીખ અંગેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. આ બેઠક જિલ્લાના વિકાસ કાર્યો અને જાહેર ફરિયાદોના નિરાકરણ માટે મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે.

**નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે**

# રાજુલા ગૌશાળાના મેનેજર મનસુખભાઈ જોશીનું અવસાન

રાજુલા,તા.૨૫



રાજુલા ગૌશાળાના મેનેજર મનસુખભાઈ જીવનભાઈ જોશીનું તા.૨૨/૬/૨૦૨૫ના રોજ ટૂંકી બીમારી બાદ અવસાન થયું હતું. બુધવારે રાજુલાની ગૌશાળામાં સદગતની પ્રાર્થનાસભા યોજાઈ હતી. સ્વ. મનસુખભાઈએ ગૌશાળામાં ઘણા વર્ષો સુધી સેવા આપી હતી અને ચાલુ વાવાઝોડામાં તેઓ ગાયોને બચાવીને સુરક્ષિત જગ્યાએ લઈ ગયા હતા. ગાયો પ્રત્યેની તેમની ખૂબ જ ઉમદા સેવા હતી. પ્રાર્થના સભામાં ગૌશાળાના કર્મચારીઓ, કમિટી મેમ્બરો ઉમેશભાઈ મોદી, મહેશભાઈ વ્યાસ, વિપુલભાઈ લહેરી, ચેતનભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ જાની, કેતનભાઈ મકવાણા, બ્રહ્મસમાજના ચિરાગભાઈ જોશી, સુનિલભાઈ રાઠોડ, ગૌશાળાના ટ્રસ્ટી બિપીનભાઈ લહેરી ઉપસ્થિત રહ્યા હતા અને મુંબઈના નવનીતભાઈ વોરાએ ટેલીફોનીક સંદેશો પાઠવ્યો હતો.

## લીલીયાનાં પાંચતલાવડા ગામેથી બાઈકની ઉઠાંતરી

**૩૫,૦૦૦ની કિંમતના બાઈકની ચોરી કરી ઈસમ ફરાર**

લીલીયા, તા.૨૫

પાંચતલાવડા ગામેથી રૂપિયા ૩૫,૦૦૦ની કિંમતના બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે હિંમતભાઈ ભીખાભાઈ રોજાસરા (ઉ.વ.૪૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પાંચતલાવડા ગામે આવેલ બસ સ્ટેન્ડ સામેના ભાગે રોડ પરથી અજાણ્યો ઈસમ તેમના બાઈકની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે બાઈકની કિંમત ૩૫,૦૦૦ જાહેર થઈ હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

## શિવ એજ્યુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટ દ્વારા ધારી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

લીલીયા, તા.૨૫



શિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ લીલીયા સંચાલિત મહિલાઓના વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્ર ધારી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બ્રહ્માકુમારી ભારતીબેન, ભાવિકાબેન અને રમેશભાઈ અંટાળાએ યોગાભ્યાસ કરાવ્યો તથા યોગના લાભો વિશે માહિતી આપી હતી. ટ્રસ્ટ પ્રમુખ રેખાબેન ગાયજને મહિલાઓને કાયદાકીય જાણકારી આપી અને સંસ્થાની યોજનાઓ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ધારીના વી.એમ.કે સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલામાં વરસાદથી ધોવાયેલા માર્ગોનું સમારકામ કરાયું

સાવરકુંડલા, તા.૨૫



તસવીર : સૌરભ દોશી

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં થોડા દિવસો પહેલાં પડેલા અતિ ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ધોવાયેલા અને અવરોધિત થયેલા માર્ગોની મરામતનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. ભારે વરસાદના પગલે અનેક ગામોને જોડતા મુખ્ય અને સહાયક માર્ગો પર મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. નદી-નાળાના પાળા તૂટવાને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને અનેક ગામો સંપર્ક વિહોણા બની ગયા હતા, જેના કારણે સ્થાનિક ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને, પંચાયત માર્ગ અને મકાન વિભાગે તાત્કાલિક વિશેષ ટીમોની રચના કરીને સમારકામની કામગીરી શરૂ કરી હતી. વિજપડી-ડેડકડી રોડ, લીખાળા-ખડખલી રોડ, મઢડા-ડેડકડી રોડ, ફીફાદ-ઘોબા-પીપડી રોડ તેમજ મેવાસા-કલ્યાણપુર-વિજયનગર સહિતના મહત્વના ગ્રામ્ય માર્ગોને ભારે વરસાદને કારણે નુકસાન થયું હતું. જોકે, તંત્રની સત્વર કામગીરીને કારણે હાલ આ તમામ તૂટેલા રસ્તાઓની મરામત કરી તેમને ફરીથી ચાલુ કરી દેવામાં આવ્યા છે, જેનાથી ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.

# ગજેરા કેમ્પસની મહિલા ફાર્મસી કોલેજનું બી.ફાર્મના સેમ-૮નું ઝળહળતું પરિણામ

અમરેલી, તા.૨૫



ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલી B.Pharm સેમ.-VIIIની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. આ પરીક્ષામાં અમરેલીના ગજેરા કેમ્પસની શ્રીમતી સી.વી. ગજેરા મહિલા ફાર્મસી કોલેજની વિદ્યાર્થિનીઓએ ૯૮% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવેલ છે. આ ઉપરાંત કોલેજે યુનિવર્સિટીના ટોપટેનમાં પણ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં અકબરી ખુશી આર., કોલેજ ફર્સ્ટ - SPI-9.09, જોષી વિધી જે. કોલેજ સેકન્ડ-SPI-9.09 અને સંઘાણી યથ્વી એન. કોલેજ થર્ડ-SPI-9.00 પ્રાપ્ત કરેલ છે. આ ઝળહળતી સફળતા બદલ સ્ટાફ-સ્ટુડન્ટ્સ-રેન્કરને અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત અને ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.










# અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતમાં સરપંચોને મળેલા મત

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી શાંતિમય વાતાવરણમાં પૂર્ણ થઈ છે આજે વિવિધ તાલુકામાં મથકે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વિવિધ ગ્રામ પંચાયતના સરપંચોને મળેલા મતની યાદી આ મુજબ છે

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| અમરેલી તાલુકો | | |
| આકડીયા નાના | મનીષાબેન મહેન્દ્રભાઈ દેસાઈ | ૧૧૭૫ |
| | વાસંતીબેન ઘનશ્યામભાઈ | ૧૨ |
| | પ્રભાબેન દામજીભાઈ જાવીયા | ૫૮૬ |
| કેરીયાચાડ | ચંદુબેન કાળુભાઈ ધાધલ | ૬૧૮ |
| | ઈલાબેન નિરૂભાઈ ધાખડા | ૧૪૫ |
| ખડખંભાળીયા | પ્રતાપભાઈ આલેગભાઈ વાળા | ૨૩૪ |
| | ભાભલુભાઈ સુરગભાઈ વાળા | ૮૨ |
| ગોખરવાળા નાના | ગીતાબેન સુખલાલભાઈ | બિન હરીફ |
| નવા ખીજડીયા | મનસુખભાઈ રાણાભાઈ કણબી | ૪૩૪ |
| | કણબી વિપુલભાઈ મેપાભાઈ | ૬૪૨ |
| રંગપુર | ગભરૂભાઈ નનુભાઈ | ૪૨૦ |
| | જગદીશભાઈ ધીરૂભાઈ વોરા | ૩૨૭ |
| લાપાળીયા | ગિરિશભાઈ રવજીભાઈ | ૨૬૦ |
| | જયંતિભાઈ દેવાભાઈ ખેતરિયા | ૧૧૭ |
| સુરગપુરા | નિકુંજભાઈ દયાળભાઈ | બિન હરીફ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| બાબરા તાલુકો | | |
| ઈંગોરાળા | ડેર અનિતાબેન ધર્મેશભાઈ | બિન હરીફ |
| કુંડળ નાની | વિનોદભાઈ કમાભાઈ મેર | ૮૪૭ |
| | વિનોદભાઈ સુખાભાઈ | ૮૮૯ |
| | વિપુલભાઈ ભીખાભાઈ મેર | ૧૯૦ |
| કોટડાપીઠા | ગોવિંદભાઈ મનજીભાઈ રાઠોડ | ૬૨૧ |
| | સત્યજીતભાઈ મહેન્દ્રભાઈ વાળા | ૧૫૨૪ |
| | પથુભાઈ રામભાઈ બસીયા | ૨૬૫ |
| ખીજડીયા કોટડા | મુન્નીબેન બાબુભાઈ ડાભી | બિન હરીફ |
| ચમારડી | દયાબેન જીવણભાઈ પીઢડીયા | ૧૩૪૧ |
| | મંજુલાબેન જાદવભાઈ | ૧૦૭૦ |
| જીવાપર | જેનુબેન કિરણભાઈ ગોરસવા | બિન હરીફ |
| ત્રંબોડા | વાળા ચંદ્રાબેન ગજુભાઈ | ૫૦૪ |
| | જાદવ કાજલબેન મુકેશભાઈ | ૨૬ |
| | કુવાડીયા માસુબેન જેસીંગભાઈ | ૨૫૫ |
| નડાળા | કલકાણી દિવ્યેશકુમાર | ૩૨૦ |
| | હિતેશભાઈ રવજીભાઈ કલકાણી | ૫૬૦ |
| પાનસડા | અશોકભાઈ ભીમજીભાઈ કાચા | ૫૩૩ |
| | છગનભાઈ રવજીભાઈ | ૫૫૫ |
| ફુલઝર | કાશીબેન ખોડાભાઈ પદમાણી | ૩૪૯ |
| | જોશનાબેન ભીખાભાઈ જાદવ | ૧૨૮ |
| રાણપર | પઢિયાર દિલજુબેન લાખાજી | ૩૯ |
| | પઢીયાર રોનકસિંહ હીમતજી | ૧૮૫ |
| | પરેશભાઈ લખમણભાઈ | ૩૭૫ |
| વાવડા | જયસુખભાઈ ધિરૂભાઈ રામાણી | ૫૪૬ |
| | તેજાભાઈ મેરામભાઈ મેટાળીયા | ૫૬૫ |
| | બાબુભાઈ ઝવેરભાઈ ભાયાણી | ૬૩૮ |
| વાવડી | અંબાબેન રમેશભાઈ રાદડીયા | ૪૬૭ |
| | ભીમજીભાઈ કેશવભાઈ | ૫૭૧ |
| | કચરાભાઈ ખોડાભાઈ ગમારા | ૧૮૬ |
| ગમા પીપળીયા | ધાધલ ગોરધનભાઈ ભોજભાઈ | બિન હરીફ |
| ઘુઘરાળા | નાનુભાઈ નારણભાઈ | ૬૩ |
| | જયાબેન ડુંગરભાઈ | ૩૧૯ |
| | હર્ષાબેન અનકભાઈ | ૫૫૬ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| કુંકાવાવ/વડિયા તાલુકો | | |
| ખજુરી | કલ્પનાબેન હસમુખભાઈ વાળા | બિન હરીફ |
| ખીજડીયા ખાન | અશોકભાઈ કાળાભાઈ દાફડા | ૩૮૪ |
| | રવજી ભલાભાઈ મકવાણા | ૨૫ |
| | કેશુભાઈ રાજાભાઈ નાગર | ૭૫ |
| | મનસુખભાઈ હકાભાઈ બગડા | ૨૧૫ |
| જીથુડી | હિંમતભાઈ લવજીભાઈ રામાણી | બિન હરીફ |
| દડવા રાંદલ | મંજુલાબેન મનસુખભાઈ | ૭૨૯ |
| | ભાવનાબેન કિશોરભાઈ ખુંટ | ૬૭૦ |
| દેવળકી | સંજયકુમાર કાનજીભાઈ | ૧૦૧૬ |
| | મનિષભાઈ વજુભાઈ સાવલીયા | ૫૬૧ |
| | હિતેશકુમાર અરજણભાઈ | ૫૮ |
| ભુખલી સાંથળી | જ્યોત્સનાબેન રાજકુમાર વાળા | ૪૦૬ |
| | રેખાબેન ઘનશ્યામભાઈ દુધાત | ૨૨૩ |
| માયાવદર | રાજેશભાઈ ગોરખભાઈ ભુવા | ૨૪૯ |
| | રવિભાઈ સામતભાઈ વાળા | ૩૯૬ |
| ઈશ્વરીયા | પાલુબેન ચંદુભાઈ | ૨૭૦ |
| | મોતીબેન ડાયાભાઈ | ૩૬૬ |

| લાઠી | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| લાઠી તાલુકો | | |
| આંબરડી | રૂપલબેન અશોકભાઈ તળાવીયા | બિન હરીફ |
| કાંચરડી | ગોબરભાઈ મુળજીભાઈ રાઠોડ | ૫૮૧ |
| | ઘનશ્યામભાઈ મોહનભાઈ | ૬૧૯ |
| | મહેશભાઈ હરીભાઈ સિંધવ | ૧૨૦ |
| દહિંથરા | જયાબેન બાબુભાઈ રૂદાતલા | ૩૯૦ |
| | કૈલાસબેન પ્રવિણભાઈ પરમાર | ૧૮૧ |
| ધામેલ | મંજુબેન દેવજીભાઈ બાહોપીયા | બિન હરીફ |
| ધામેલપરા | ગોગદાણી આશાબેન દિપકભાઈ | બિન હરીફ |
| ધ્રુફણીયા | અસ્મિતાબેન મહેશભાઈ જાજડીયા | બિન હરીફ |
| નારણગઢ-મેમદા | મનુભાઈ કાનજીભાઈ પરમાર | બિન હરીફ |
| નારાયણનગર | રમેશભાઈ કેશુભાઈ જાદવ | ૧૦૬૯ |
| | ગુંજનબેન લાલજીભાઈ ચૌહાણ | ૯૮૫ |
| પ્રતાપગઢ | રસીકભાઈ વલ્લભભાઈ રામાણી | બિન હરીફ |
| ભટવદર | વનીતાબેન અશ્વિનભાઈ ગોળકીયા | બિન હરીફ |
| ભીંગરાડ | રેખાબેન દલપતભાઈ પરમાર | ૭૧૬ |
| | વર્ષાબેન વિનુભાઈ સોલંકી | ૫૫૧ |
| મેથળી | વિલાસબેન સંજયભાઈ બારૈયા | ૨ |
| | ગીતાબેન ધનસિંગભાઈ ઠેરાણા | ૯૯ |
| | વિમળાબેન વિનુભાઈ મકવાણા | ૧૧૬ |
| | મકવાણા રમીલાબેન મુકેશભાઈ | ૨૨૫ |
| હાવતડ | મધુબેન રઘુભાઈ ડાંગર | ૪૭૯ |
| | લાભુબેન ઘુસાભાઈ સોલંકી | ૧૯૬ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| લીલીયા તાલુકો | | |
| ટીંબડી | રાજેશભાઈ જીણાભાઈ ગોહિલ | ૧૭૩ |
| | બાલુભાઈ પરશોતમભાઈ | ૨૧૧ |
| પુતળીયા | જસુબેન મુળજીભાઈ સારીખડા | ૩૬૫ |
| | રંજનબેન પ્રદિપભાઈ લુવાર | ૩૩૧ |
| સલડી | બાલુભાઈ ધોહાભાઈ ડેર | ૧૪૧ |
| | રમેશભાઈ વલ્લભભાઈ | ૧૧૭૩ |
| | મનુભાઈ દેહાભાઈ ડેર | ૫૫૯ |
| બોડીયા | અશ્વિનભાઈકુમાર | બિન હરીફ |
| કણકોટ નાના | શૈલેષભાઈ નારણભાઈ | ૫૩ |
| | સંજયકુમાર મનજીભાઈ | ૨૫૧ |
| પુંજાપાદર | કાંતાબેન બાલુભાઈ | બિન હરીફ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| રાજુલા તાલુકો | | |
| કાતર | સમજુબેન બચુભાઈ સાંખટ | ૭૩૧ |
| | શારદાબેન મુકેશભાઈ | ૭૮૧ |
| ખાભલીયા | લક્ષ્મીબેન જનકભાઈ | ૩૧૦ |
| | જસુબેન હરસુરભાઈ વાઘ | ૨૮૭ |
| દેવકા | લક્ષ્મીબેન નાગભાઈ વાવડીયા | ૬૯૮ |
| | લખુબેન નાજાભાઈ વાવડીયા | ૩૨૨ |
| નવાગામ(મેરિયાણા) | વિક્રમભાઈ વલકુભાઈ જાજડા | બિન હરીફ |
| પીપાવાવ | પ્રતાપભાઈ નથુભાઈ ગુજરીયા | ૬૫૨ |
| | મીણાબેન બાવભાઈ બાંભણીયા | ૯૨ |
| | ભાણાભાઈ મોહનભાઈ | ૪૫૩ |
| બર્બટાણા | ઉમાબેન કનુભાઈ કામળીયા | ૮૧૫ |
| | જમનાબેન નરશીભાઈ હડીયા | ૬૯૮ |
| બારપટોળી | નાથીબેન લાખાભાઈ વાઘ | ૧૨૬૨ |
| | હંસાબેન રામભાઈ હડિયા | ૯૮૮ |
| મસુંદડા નાના મોટા | કુમારભાઈ ભગવાનભાઈ | ૧૩૬ |
| | અરડુ હાદાભાઈ ધીંગાભાઈ | ૧૯૮ |
| | કેશુભાઈ કુકાભાઈ અરડુ | ૧૦૬ |
| રામપરા - ૧ | શિવરાજભાઈ કથુભાઈ મોભ | બિન હરીફ |
| રીંગણિયાળા નાના | વનરાજભાઈ દડુભાઈ ધાખડા | બિન હરીફ |
| વિક્ટર | પરિતાબેન મહેશભાઈ મકવાણા | ૭૮૨ |
| | મોમીનભાઈ જુનુસભાઈ ગાહા | ૬૧ |
| | અજય ભીખાભાઈ શિયાળ | ૫૬૮ |
| વિસળિયા | વિક્રમભાઈ બાબુભાઈ શિયાળ | ૯૭ |
| | ભુપતભાઈ નરશીભાઈ સરવૈયા | ૨૪૩ |
| | દેવશીભાઈ આતુભાઈ શીયાળ | ૧૯૪ |
| | ગાંડાભાઈ રામભાઈ શીયાળ | ૧૩ |
| | દક્ષાબેન ઈશ્વરભાઈ શીયાળ | ૬૨૬ |
| | વાઘાભાઈ બીજલભાઈ શીયાળ | ૧૬૯ |
| | જશુભાઈ રાજાભાઈ શીયાળ | ૩૩૮ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| ધારી તાલુકો | | |
| કણેર | મનુબેન અનકભાઈ વાળા | બિન હરીફ |
| કમી | દક્ષાબેન જયંતીભાઈ શિરોયા | બિન હરીફ |
| કરમદડી | ધર્મિષ્ઠાબેન જયંતિભાઈ | ૪૧૩ |
| | પારૂલબેન લાલાજીભાઈ | ૪૨૦ |
| | હેતલબેન જયંતિભાઈ વાઘેલા | ૮૮ |
| કુબડા | રમણીકલાલ કેશવલાલ | ૬૬૩ |
| | અનિરાજ પ્રતાપભાઈ વાળા | ૪૪૨ |
| કોટડા પાણીયા | રઘુવીરભાઈ નિર્મળભાઈ વાળા | બિન હરીફ |
| કોઠાપીપરીયા | કરણ ચંપુભાઈ વાળા | બિન હરીફ |
| ખીચા | રંજનબેન રવુભાઈ કોટીલા | ૮૪૮ |
| | હનીફાબેન રહીમભાઈ બ્લોચ | ૨૩૬ |
| ખીસરી | વિનોદભાઈ ભીખુભાઈ | ૫૦ |
| | જયસુખભાઈ વેલાભાઈ | ૩૧૮ |
| | કાળુભાઈ લખમણભાઈ પરમાર | ૨૯૫ |
| ગીગાસણ | મધુબેન અશ્વીનભાઈ સોંદરવા | ૫૩૦ |
| | મંજુલાબેન મેઘજીભાઈ વાઘેલા | ૮૧૯ |
| ચાંચઈ | શ્રધ્ધાબેન બળવીરભાઈ વાળા | બિન હરીફ |
| ઝર | દિલાવરભાઈ નાનુભાઈ લલીયા | ૩૯૬ |
| | સંજયભાઈ બાબુભાઈ | ૨૧૬ |
| | ગનુબેન બોઘાભાઈ સીસણાદા | ૬૪ |
| ઝરપરા | મગનભાઈ મુળાભાઈ સોલંકી | ૨૪૪ |
| | મનસુખભાઈ પાંચાભાઈ | ૧૯૯ |
| ઢોલરવા | જાનબાઈબેન ભીમભાઈ વાળા | ૧૫૬ |
| | દયાબેન અમરૂભાઈ ભુવા | ૧૭૩ |
| દલખાણીયા | સંગીતાબેન મુકેશભાઈ | ૯૪૯ |
| | ગીતાબેન હસમુખભાઈ | ૧૧૫૫ |
| નાગધ્રા | ભાવેશભાઈ જેતુભાઈ વાળા | બિન હરીફ |
| ફતેગઢ | લલીતાબેન મહેશભાઈ દવે | ૧૩૬ |
| | ગૌરીબેન અરવિંદભાઈ દવે | ૧૮૦ |
| બોરડી | નર્મદાબેન ગોબરભાઈ કોટડીયા | ૯૬૫ |
| | વૈશાલીબેન નરેન્દ્રગીરી ગોસાઈ | ૧૨૫ |
| ભાયાવદર | ચંદ્રાબેન ભાયાભાઈ જાતવડા | બિન હરીફ |
| માલસીકા | દયાબેન બાબુભાઈ પરમાર | બિન હરીફ |
| મીઠાપુર નકકી | મનીષભાઈ બટુકભાઈ રાઠોડ | બિન હરીફ |
| રાજસ્થળી | પરશોતમભાઈ વલ્લભભાઈ | ૧૮૪ |
| | અજયભાઈ ધીરૂભાઈ બજાણીયા | ૮૧ |
| | રફીકભાઈ રમજાનભાઈ દોઢીયા | ૪૭ |
| રામપુર | પ્રતાપભાઈ રામકુભાઈ ધાધલ | બિન હરીફ |
| લાખાપાદર | પ્રેમજીભાઈ ખોડાભાઈ દાફડા | બિન હરીફ |
| વાઘવડી | કૈલાશબેન પ્રતાપભાઈ વાળા | બિન હરીફ |
| વાવડી | મહીપતભાઈ રણુભાઈ વાળા | બિન હરીફ |
| શીવડ | દેવકુભાઈ હમીરભાઈ મકવાણા | બિન હરીફ |
| સમઢીયાળા નાના | નરેશભાઈ બાલુભાઈ | ૧૪૦ |
| | વિજયભાઈ બાલુભાઈ | ૧૧૫ |
| હિરાવા | મોનીકાબેન સાગરભાઈ ગોસાઈ | ૧૯૬ |
| | અંબાબેન ભીખુભાઈ ચૌહાણ | ૩૮૦ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| જાફરાબાદ તાલુકો | | |
| ધોળાદ્રી | જડીબેન ભાયાભાઈ બારૈયા | ૨૫૪ |
| | શાંતાબેન બાબુભાઈ ટાંક | ૧૦૩ |
| | અનિતાબેન હિંમતભાઈ કવાડ | ૨૨૮ |
| છેલણા | કાનજીભાઈ મેપાભાઈ | ૧૭૧ |
| | અરવિંદભાઈ મંગળભાઈ | ૧૦ |
| | દીપકભાઈ હરજીભાઈ કોલડીયા | ૧૨ |
| | દિનેશભાઈ ગીગાભાઈ | ૧૩૦ |
| | ધીરૂભાઈ દડુભાઈ વરૂ | ૧૨ |
| | લાલજીભાઈ જાદવભાઈ | ૨૯૬ |
| લોઠપુર | પાંચીબેન શામજીભાઈ સોલંકી | ૪૫૨ |
| | હિંમબાઈબેન સોમાતભાઈ | ૭૦૦ |
| | સોનીબેન ધીરૂભાઈ સાંખટ | ૫૧૧ |
| શિયાળબેટ | ભગવાનભાઈ રાણાભાઈ | ૧૨૬૪ |
| | હમીરભાઈ નગાભાઈ શિયાળ | ૧૫૫૯ |
| લૂસણાપુર | પૃથ્વીરાજભાઈ | ૫૦૦ |
| | પ્રકાશભાઈ આલિંગભાઈ | ૭૭૯ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| ખાંભા તાલુકો | | |
| પચપચીયા | સોનલબેન બાલુભાઈ ભરેલીયા | ૩૨૫ |
| | કાશીબેન ડાયાભાઈ ધાસકટા | ૩૧૮ |
| આંબલીયાળા | ભાવનાબેન વિજયભાઈ પરમાર | ૧૫૪ |
| | ગીતાબેન બાબુભાઈ મકવાણા | ૪૮ |
| | જાહુબેન ધનજીભાઈ જાદવ | ૨૮૨ |
| | દેવુબેન ભવાનભાઈ જાદવ | ૪૫૫ |
| કંટાળા | ધારા તખુભાઈ પરમાર | ૪૪૪ |
| | વાલીબેન લખમણભાઈ સરવૈયા | ૬૫ |
| | સોમુબેન ખાટુભાઈ મકવાણા | ૩૫૭ |
| કોટડા | ટીકુબેન કનુભાઈ વાળા | બિન હરીફ |
| ધુંધવાણા | હંસાબેન જયસુખભાઈ સોલંકી | બિન હરીફ |
| ચક્રાવા બાબરપુર | લાખુબેન ભરતભાઈ ભુવા | ૬૪૧ |
| | સોનલબેન બાવભાઈ ભુવા | ૪૮૫ |
| દડલી | જમિયબેન નનુભાઈ જાડેજા | ૨૫૦ |
| | લાભબેન નાગજીભાઈ ધોધારી | ૨૩૪ |
| બોરાળા | ગીતાબેન દેવરાજભાઈ | ૯૩૩ |
| | પાંચીબેન ભીમાભાઈ કવાડ | ૫૬૦ |
| રબારીકા | કરશનભાઈ છગનભાઈ કેશુર | બિન હરીફ |
| વાકીયા | ગોકળભાઈ રતનાભાઈ ઝાંપડા | ૩૮૭ |
| | રમેશભાઈ બેચરભાઈ | ૩૫૬ |
| સાળવા | લખમણભાઈ ભાણાભાઈ | ૮૭ |
| | મહેન્દ્રભાઈ પ્રેમજીભાઈ વસાણી | ૪૨૭ |
| | રાઘવભાઈ નાથાભાઈ સરવૈયા | ૨૨૪ |
| પીપળવા | પૃથ્વીરાજ આલિંગભાઈ | ૨૨૧ |
| | વલકુભાઈ દડુભાઈ મોભ | ૭૮૬ |
| કોદીયા | ઈલાબેન જીતુભાઈ વાળા | ૧૦ |
| | ધનબાઈબેન પોપટભાઈ | ૨૫૫ |
| | શારદાબેન વાલજીભાઈ | ૩૪૭ |
| સરાકડીયા મોટા | અરવિંદભાઈ ગોવિંદભાઈ | ૨૬૬ |
| | ખોડાભાઈ બાલાભાઈ | ૪૨૨ |

| ગામનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત |
|---|---|---|
| સાવરકુંડલા તાલુકો | | |
| કાનાતળાવ | ચંપાબેન ધનજીભાઈ બગડા | બિન હરીફ |
| કેદારીયા | ફાતમાબેન તાજુભાઈ દલ | બિન હરીફ |
| ગણેશગઢ પરા | બોરડ મુક્તાબેન ભનુભાઈ | બિન હરીફ |
| ગાધકડા | પાયલ સુનિલભાઈ કલાણીયા | ૧૩૫૧ |
| | મુક્તાબેન ઠાકરશીભાઈ | ૧૧૪૮ |
| ઘનશ્યામ નગર | સુહાગીયા મનીષાબેન | ૩૨૭ |
| | રસીલાબેન રવજીભાઈ | ૩૬૭ |
| ઘોબાપાટી | ભનુબેન છગનભાઈ દતેવાદીયા | બિન હરીફ |
| છાપરી | આશીબેન બાબાભાઈ ગાહા | બિન હરીફ |
| થોરડી | વિપુલભાઈ બાબુભાઈ બરવાળીયા | ૧૪૧૭ |
| | રમેશભાઈ દેવરાજભાઈ | ૭૭૩ |
| ધાર | આશાબેન પ્રદિપભાઈ રામાણી | ૧૫૦ |
| | હંસાબેન હસમુખભાઈ કાકડીયા | ૩૨૨ |
| નાળ | મહેશભાઈ હરસુરભાઈ કસોટીયા | ૩૮૯ |
| | વાલાભાઈ કરશનભાઈ ખુમાણ | ૨૦૮ |
| બાઢડા | ભાવનાબેન ભરતભાઈ | ૧૬૫૭ |
| | પ્રભાબેન હર્ષદભાઈ વિરાણી | ૧૫૦૨ |
| ભુવા | રેખાબેન પ્રવિણભાઈ ભાલાળા | ૫૯૧ |
| | રેખાબેન જયસુખભાઈ | ૪૪૬ |
| ભેંકરા | ઉષાબેન માધુભાઈ બલદાણીયા | બિન હરીફ |
| લુવારા | બાયસાબેન અશોકભાઈ બોરિચા | બિન હરીફ |
| વિરડી | ડાભી જશુભાઈ વાલજીભાઈ | ૧૫૯ |
| | લાભુબેન ગણેશભાઈ લોદરીયા | ૪૪૫ |
| | પ્રદિપભાઈ શંભુભાઈ કલાણીયા | ૩૧૬ |
| સિમરણ | ભનુભાઈ માવજીભાઈ સોજીત્રા | ૪૮૪ |
| | શૈલેષભાઈ મધુભાઈ | ૫૭૭ |
| હાથસણી | હેતલબેન હરેશભાઈ | બિન હરીફ |
| કેરાળા | ઉમાબેન રણજીતભાઈ | બિન હરીફ |


નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ
Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ - Ad097

# આરટીઓ ચલણ બાબતે નાગરિકોને જાગૃત અને સાવચેત રહેવા અપીલ

અમરેલી, તા.૨૫

વાહનચાલકોને સોશિયલ મીડિયા (વ્હોટ્સએપ) ના માધ્યમથી વાહનને લગતું આરટીઓનું ચલણ મોકલવામાં આવતું નથી. આવી કોઈ ઘટના બને તો તે તદ્દન ફેક (નકલી) હોય છે, તે આરટીઓને લગતી બાબત નથી. વાહનચાલકોને લાગુ પડતી ન હોય તેવી આ નકલી સાઈટ-લિંક ઓપન કરતાની સાથે બેન્ક ટ્રાન્ઝેક્શન થકી બેન્ક ખાતામાંથી બધા જ રુપિયા ઉપડી જાય છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આવતી કોઈ પણ પ્રકારની RTO કે E-Challan ને લગતી APK કે Unknown File Open ન કરવી. વાહન વ્યવહાર કચેરી દ્વારા આવા કોઈ પણ પ્રકારના ચલણ સોશિયલ મીડિયા (વ્હોટ્સએપ અને અન્ય) માધ્યમથી મોકલવામાં આવતા નથી. RTO કે E-Challan ને લગતી APK કે Unknown File Open ન કરવા નાગરિકોને જાગૃત અને સાવચેત રહેવા અમરેલી જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ છે.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓની રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં ઝળહળતી સફળતા

અમરેલી, તા.૨૫



અમરેલીની એસ.એચ.ગજેરા કેમ્પસના DLSS ખેલાડીઓએ રાજ્યકક્ષાની વિવિધ શૂટિંગ સ્પર્ધામાં ૨-ગોલ્ડ, ૨-સિલ્વર અને ૨-બ્રોન્ઝ મેડલ મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. વડોદરામાં ૫ મે થી ૧૧ મે ૨૦૨૫ના રોજ ખેલ-મહાકુંભ ૩.૦ શૂટિંગ ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું. જેમાં ગજેરા કેમ્પસના જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના અન્ડર-૧૭ અને અન્ડર-૧૪ ભાઈઓ-બહેનોએ વિવિધ મેડલ મેળવેલ હતા. જેમાં ૧) ૧૦ મીટર એર રાઈફલ U-૧૭ બહેનોમાં પરમાર ધર્મિષ્ઠા રમેશભાઈ ગોલ્ડ, ૨) ૧૦ મીટર એર રાઈફલ U-૧૭ ભાઈઓમાં ડાંગર દર્શન જગદીશભાઈ ગોલ્ડ, ૩) ૧૦ મીટર એર રાઈફલ U-૧૪ બહેનો ચાવડા હેતવી સુરેશભાઈ સિલ્વર, ૪) ૧૦ મીટર એર રાઈફલ U-૧૭ ભાઈઓમાં તાવીયા બીપીન જયેશભાઈ સિલ્વર, ૫) ૧૦ મીટર એર રાઈફલ U-૧૪ બહેનોમાં વાઘેલા ખુશાલી હરેશભાઈ બ્રોન્ઝ મેડલ, ૬) ૧૦ મીટર એર રાઈફલ U-૧૪ ભાઈઓમાં કાવર ધરમ ધીરેનભાઈ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ તેમજ કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરા મામલતદાર કચેરીના ક્લાર્કની કામગીરી બાબતે મુખ્યમંત્રી સુધી ફરિયાદ

બાબરા, તા.૨૫

બાબરા મામલતદાર કચેરીના ક્લાર્કને તાત્કાલિક ફરજ મોકૂફ કરવા માટે એડવોકેટ રૂપારેલિયાએ લેખિત ફરિયાદ કરી છે. એડવોકેટ રૂપારેલિયાએ ગત ૨૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ તેમના અસીલના ખેતીની જમીનના કાગળો મેળવવા અરજી કરી હતી. અરજી કર્યાના પંદર દિવસ અને પછી એક મહિના બાદ પણ ક્લાર્કે "હમણાં સમય નથી, પછી આવજો" કહી ઉડાઉ જવાબ આપ્યા હતા. આખરે, ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ, એટલે કે અરજી કર્યાના ૫૩ દિવસ પછી, રૂપારેલિયા ફરીથી કાગળો મેળવવા ગયા ત્યારે ક્લાર્કે આરટીઆઈ અરજીઓનો થપ્પો બતાવીને કહ્યું, "હું RTI કરે એને પણ સમયસર આપતો નથી, તમને નકલ આપવાની નથી, દોડવા માંડો અને જે કરવું હોય તે કરો." કહી તેમણે એડવોકેટ સાથે અપમાનજનક વર્તન કર્યું હતું. ૫૩ દિવસ વીતી ગયા હોવા છતાં તેમની અરજી પર કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી

# પોલીસે ચોરાયેલું મોટરસાઈકલ શોધીને પરત કર્યું

**માલિકોને પરત કરવા માટે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હાથ ધર્યો**



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે ચોરી થયેલી મિલકતો શોધીને મૂળ માલિકોને પરત કરવા માટે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હાથ ધર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ફરિયાદીનું મોટરસાઈકલ શોધીને તેમને ટીમ દ્વારા પરત કરવામાં આવ્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં લાલજીભાઈ સોમાભાઈ નકુમએ પોતાનું મોટરસાઈકલ (રજી. નં. GJ-23-AE-AP-6947)ની ચોરી થવા અંગેની ફરિયાદ કરી હતી. પોલીસે ગુનો દાખલ કરીને ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજાની રાહબરી હેઠળની ટીમે મોટરસાઈકલ તથા આરોપીને શોધી કોર્ટમાંથી હુકમ મેળવી તે વાહન મૂળ માલિકને પરત કર્યું હતું.

# નરેન્દ્ર મોદી વિચાર મંચ સંસ્થાનો ૨૨મા વર્ષમાં પ્રવેશ



અમરેલી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નામથી ચાલતી ભારતની એક માત્ર સંસ્થા એટલે નરેન્દ્ર મોદી વિચાર મંચ. આ સંસ્થા દેશના તમામ રાજ્યો અને તમામ જિલ્લાઓમાં સ્વખર્ચે સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. ગત ૨૨ જૂને આ સંસ્થાની સેવાકીય સફરના ૨૧ વર્ષ પૂર્ણ થયા અને ૨૨મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ નિમિત્તે અમરેલીમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા નિત્યશુધ્ધાનંદસ્વામીના આશ્રમ ખાતે અનાથ બાળકોને સ્કૂલબેગ આપી સંસ્થાનો સ્થાપના દિવસ ઉજવ્યો હતો.

# પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજેતા ઉમેદવારોને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા.૨૫



અમરેલી જિલ્લામાં ૨૨ જૂને યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓના પરિણામ બુધવારે જાહેર થયા હતા. જેમાં વિજેતા થયેલ પેનલોને પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા ખાતેના પોતાના કાર્યાલયમાં મોં મીઠા કરાવી શુભકામનાઓ પાઠવેલ. વિશેષમાં નારણભાઈ કાછડીયાએ જણાવેલ કે, નવનિયુક્ત સરપંચો તથા સદસ્યોના નેતૃત્વમાં ગામનો સર્વાંગી વિકાસ થાય અને લોકોપયોગી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ગામના વિકાસને વધુ વેગવંતો બનાવે તેવી આશા સહ લાગણી વ્યક્ત કરેલ. આ તકે કાર્યાલય ખાતે ગાધકડા, ભુવા, થોરડી, નાળ, સિમરણ, ધાર સહિતના વિવિધ ગામની વિજેતા પેનલ તથા કાર્યકરોનો જમાવડો થતાં ઉત્સાહપૂર્વક વિજયના વધામણાં કરવામાં આવેલ.

# સાવરકુંડલાના સિમરણ ગામે પરિણીતાએ ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલાના સિમરણ ગામે એક પરિણીતાએ બીમારીથી કંટાળી ઝેરી દવા પીધી હતી. બનાવ સંદર્ભે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતાના લગ્નને સાડા ચાર વર્ષ થયા હતા. તેને માનસિક બીમારીની દવા ચાલુ હતી. તેમજ એસીડીટી, ગેસ, કબજીયાત તથા માથાના દુઃખાવાની બીમારીથી કંટાળી બાથરૂમમાં જઈ પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી પાઉડરને ઓગાળી પી લેતાં ઝેરી અસર થઈ હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ બી.પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

**બીમારીથી કંટાળી પગલું ભર્યું**

**દંપતીને અડફેટે લીધું**

# કડીયાળી ગામે ભેરાઇ-રાજુલા રોડ ઉપર લીલાપીરની ધાર પહેલા ગોળાઇ ઉપર ફોરવ્હીલે ટુવ્હીલ ચાલકને ટક્કર મારી

**બંનેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી**

રાજુલા, તા.૨૫

રાજુલાના કુંભારવાડા વિસ્તારમાં રહેતો એક પુરુષ બાઈક લઈને કડીયાળી ગામે ભેરાઇ-રાજુલા રોડ ઉપર લીલાપીરની ધાર પહેલા ગોળાઇ ઉપરથી પસાર થતો હતો ત્યારે ધસમસતા આવતા ફોરવ્હીલ ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેને તથા તેની પત્નીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ અંગે સાહિદભાઈ અબ્દુલભાઈ ચાવડા (ઉ.વ.૨૦)એ સંદીપભાઈ ટાંક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા મહુવાથી ઘરે પરત આવતા હતા ત્યારે ભેરાઇ-રાજુલા રોડ ઉપર લીલાપીરની ધાર પહેલા ગોળાઇ ઉપર ફોરવ્હીલ ચાલકે મોટર સાયકલને ઓવરટેકની લ્હાયમાં ટક્કર મારી હતી. જેમાં તેમના માતા-પિતાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેરમાં સાસુએ વહુને ગાળો બોલી મેણાટોણા માર્યા

અમરેલી, તા.૨૫

અમરેલી શહેરમાં રહેતી એક પરિણીતાને સાસુ તથા પતિ રસોઈ બાબતે અવારનવાર મેણાટોણા મારતા હતા. પતિ તથા સાસુએ ગાળો આપી હતી તેમજ પતિએ મુંઢમાર માર્યો હતો. બનાવ સંદર્ભે હિનાબેન દાફડા (ઉ.વ.૨૨)એ પતિ દિવ્યમભાઈ વિપુલભાઈ દાફડા તથા સાસુ પારૂલબેન વાલજીભાઈ મહિડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેના પતિ દિવ્યમભાઈ વિપુલભાઈ દાફડા તથા સાસુ પારૂલબેન વાલજીભાઈ મહિડા બન્ને ઘરકામ તેમજ રસોઈ બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. પતિ તથા સાસુએ ગાળો આપી હતી તેમજ તેના પતિએ મુંઢમાર માર્યો હતો. અમરેલી મહિલા સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ભારતીબેન પીયુષભાઈ આદરોજા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ તા.૨૬-૦૬-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૩, સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૨૬-૦૬-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે.

મિથુન: આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે.

કર્ક: તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે.

સિંહ: આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યા: કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે.

તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો.

વૃશ્ચિક: આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો.

ધન: આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે.

મકર: આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કુંભ: આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

# સા.કુંડલાના ભુવા ગામે જુના સાવર રોડ પરથી વિદેશી દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો

અમરેલી, તા.૨૫

સાવરકુંડલાના ભુવા ગામે જુના સાવર રોડ પરથી વિદેશી દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો હતો. ભુપતભાઈ મોહનભાઈ સોનેચા (ઉ.વ.૪૫) હરીભાઈ સગરના ખેતર પાસેથી મોટરસાયકલને લઈને પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની બે બોટલ મળી હતી. પોલીસે કુલ ૧૫,૪૮૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે. આ સિવાય વડીયાના તોરી ગામેથી ૩ લીટર અને ચલાલા બસ સ્ટેન્ડ પાસેથી ૪ લીટર મળી કુલ ૭ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ડેડાણ તથા છભાડીયા ગામેથી એક-એક ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં મળી આવ્યા હતા.

# સા.કુંડલાની થોરડી ગામની શાળાઓમાં શૈક્ષણિક મંત્રીમંડળ માટે ચૂંટણી યોજાઈ

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલા તાલુકાની થોરડી ગામની લોકવિદ્યા મંદિર અને શ્રી નિવાસી અંધ વિદ્યાલયમાં બુધવારે શાળાકીય શૈક્ષણિક મંત્રીમંડળ ૨૦૨૫-૨૬ માટેની ચૂંટણીનું આયોજન થયું હતું. જેમાં મુખ્યમંત્રી, સફાઈમંત્રી, આરોગ્યમંત્રી, પ્રાર્થનામંત્રી, શિક્ષણમંત્રી, રમતગમત મંત્રી, પ્રવાસ મંત્રી જેવા પદ માટે ચૂંટણી થઈ હતી. વિદ્યાર્થી ભાઈઓ માટેનું સમગ્ર મંત્રીમંડળ સમરસ જાહેર થયું હતું, જયારે વિદ્યાર્થિની બહેનોના મંત્રીમંડળ માટે ચૂંટણી થઈ હતી. જેમાં લોકશાહી પ્રણાલી મુજબ તમામ વિદ્યાર્થિનીઓએ મતાધિકારનો ઉપયોગ કરી શાળાકીય પ્રતિનિધિની પસંદગી કરી હતી. આ ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે આરતીબેન જોષી, કૃષ્ણાબેન જાદવ અને દિપુભાઈ ભૂંકણે ફરજ નિભાવી હતી.

# કોવાયા ગામેથી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં બે બોગસ તબીબ ઝડપાયા

**બંને સ્થળેથી મળી ૨૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૨૫

રાજુલા કોવાયા ગામેથી બે બોગસ તબીબ ઝડપાયા હતા. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં બંને મુન્નાભાઈ એમબીબીએસ પાસેથી ૨૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ભેરાઈ પીએચસીના મેડિકલ ઓફિસર ડો.હર્ષકુમાર હસમુખભાઈ જાની (ઉ.વ.૨૫) એ મૂળ ઉત્તરપ્રદેશના મવ જિલ્લાના ચૌધરીપુરના હરેરામ હરદેવભાઈ સાહની (ઉ.વ.૫૫) તથા બિહારના ઔરંગાબાદના સાંદુરીયા થાના-બારૂનના રહેવાસી શિવમંગલ ઈન્દ્રદેવ સીંધ (ઉ.વ.૫૩) સામે ફરિયાદ નોંધાવી હતી. બંને પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથિક સારવાર કરવા માટેની ડિગ્રી ન હોવા છતાં ક્લિનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસૂલ કરતા હતા. તેમના આ કૃત્યથી માનવ જિંદગી જોખમાય તેમ જાણતા હોવા છતાં દર્દીઓને સારવાર આપી માનવ જિંદગી સાથે ચેડાં કરતા હતા. બંને પાસેથી મળી કુલ રૂ. ૨૦,૧૮૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલાની ઐતિહાસિક સિદ્ધી : ૨૪ કલાકમાં ૯ બાળકોની પ્રસૂતિ, બધી નોર્મલ પ્રસૂતિ

સાવરકુંડલા, તા. ૨૫



સાવરકુંડલામાં આવેલી કે.કે.મહેતા સરકારી હોસ્પિટલે ઐતિહાસિક સિધ્ધી પ્રાપ્ત કરેલ છે. માત્ર ૨૪ કલાકની અંદર આ સરકારી હોસ્પિટલમાં ૯ નવજાત બાળકોને આ સંસારમાં લાવવાનું ગૌરવ મેળવ્યું છે. ડો.હાર્દિક બોરીસાગર દ્વારા તમામ ૯ પ્રસૂતિઓ નોર્મલ કરવામાં આવી હતી. તેમજ ચાલુ માસ દરમિયાન કુલ ૧૩૦ પ્રસૂતિઓ જેમાં ૧૦૦ સામાન્ય (નોર્મલ) અને ૩૦ સિઝરીયન પ્રસૂતિઓનો સમાવેશ થાય છે. આ નવજાત શિશુઓના હસતાં ચેહરાઓ અને તેમના ખિલખિલાટથી હોસ્પિટલનો આખો વોર્ડ ખુશીથી ગુંજી ઉઠ્યો હતો. આ તમામ સફળતાઓ પાછળના ડો.હાર્દિક બોરીસાગર અને ડો.ધર્મેશ રામાણી અને તથા સિઝરીયન પ્રસૂતિમાં એનેસ્થેટિક ડો.દિનેશ સોલંકીએ પણ ઉત્તમ કામગીરી કરી હતી. તેમજ તમામ વોર્ડના નર્સિંગ સ્ટાફની નિઃસ્વાર્થ સેવા અને મહેનતને શ્રેય આપવો જરૂરી બને છે.

**તંત્રી લેખ**

# ઈસરોએ ઇતિહાસ રચ્યો

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા સિદ્ધિના નવા શિખરો સર કરી રહી છે ત્યારે ભારતીય અવકાશયાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર જવા રવાના થયા છે. ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ ઈતિહાસ રચ્યો છે. સતત મુલતવી રાખેલા એક્સિઓમ-૪ મિશનનું લોન્ચિંગ સફળ થયું છે. આ મિશન હેઠળ, શુક્લા ૧૪ દિવસ માટે ISS એટલે કે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં રહેશે. ખાસ વાત એ છે કે વર્ષ ૨૦૨૩ માં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન ૩ ના ઉતરાણ પછી, ભારતને બીજી એક ઐતિહાસિક સિદ્ધિ મળી છે. ભારત ઈતિહાસ રચ્યો છે, શુભાંશુ શુક્લાની અવકાશયાત્રા શરૂ થઈ છે. અવકાશ સંશોધન સંસ્થા વિશે પણ જાણવું જરૂરી છે.

ઈસરોની મદદથી હવામાનની માહિતી, આફતની ચેતવણી, ટેલિકોમ્યુનિકેશન અને ટીવી, રેડિયો, જીપીએસ જેવી સેવાઓ મળે છે. ઈસરોની સાથે ભારત વિશ્વની ટોચની સ્પેસ એજન્સીઓમાં ગણાય છે, જેમાં નાસા, રોસકોસમોસ, ESA, CNSA અને JAXAનો પણ સમાવેશ થાય છે.

શુભાંશુ શુક્લા અમેરિકા, પોલેન્ડ અને હંગેરીના અવકાશયાત્રીઓ સાથે અવકાશની તેમની ૧૪ દિવસની યાત્રા પૂર્ણ કરશે. અહેવાલ છે કે આ સમય દરમિયાન તેઓ દેશભરના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરાયેલા ૭ ભારતીય વૈજ્ઞાનિક અભ્યાસોને આગળ વધારવા માટે કામ કરશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તેઓ અવકાશમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરી શકે છે.

મીડિયા અહેવાલો અનુસાર, સ્પેસએક્સે કહ્યું છે કે હવામાન લોન્ચિંગ માટે ૯૦ ટકા અનુકૂળ છે. X પર લખ્યું હતું કે, 'બધું સારું લાગે છે અને એક્સિઓમ સ્પેસના એક્સ-૪ મિશનને સ્પેસ સ્ટેશન પર લોન્ચ કરવા માટે હવામાન ૯૦ ટકા અનુકૂળ છે.' યુએસ સ્પેસ એજન્સી નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે લોન્ચિંગ બુધવાર, ૨૫ જૂનના રોજ સફળ થયું છે. એજન્સીએ જણાવ્યું હતું કે, 'નાસા, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સે બુધવાર, ૨૫ જૂનના રોજ વહેલી સવારે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરના ચોથા ખાનગી અવકાશયાત્રી મિશન 'એક્સિઓમ મિશન ૪' ના લોન્ચિંગનું થયું છે.'

આ મિશન ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરના 'લોન્ચ કોમ્પ્લેક્સ ૩૯A' થી લોન્ચ કરવામાં આવ્યું હતું. નાસાએ જણાવ્યું હતું કે 'ડોકિંગ' સમય ગુરુવાર, ૨૬ જૂન (ભારતીય સમય મુજબ સાંજે ૪.૩૦ વાગ્યે) સવારે ૭ વાગ્યાની આસપાસ હશે.

એક્સિઓમ-૪ કોમર્શિયલ મિશનનું નેતૃત્વ કમાન્ડર પેગી વ્હિટસન કરી રહ્યા છે, જેમાં શુક્લા મિશન પાઈલટ છે અને હંગેરિયન અવકાશયાત્રી ટિબોર કાપુ અને પોલેન્ડના સ્લેવોજ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી મિશન નિષ્ણાતો છે.

આ મિશન હેઠળ લોન્ચિંગ મૂળ ૨૯ મેના રોજ સુનિશ્ચિત થયેલ હતું, પરંતુ ફાલ્કન ૯ રોકેટના બૂસ્ટરમાં પ્રવાહી ઓક્સિજન લીક અને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકના જૂના રશિયન મોડ્યુલમાં પણ લીક મળી આવ્યા બાદ તેને પહેલા ૮ જૂન, પછી ૧૦ જૂન અને પછી ૧૧ જૂન સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ યોજના ફરીથી ૧૯ જૂન સુધી મુલતવી રાખવામાં આવી હતી અને પછી નાસા દ્વારા રશિયન મોડ્યુલમાં સમારકામ કાર્ય હાથ ધર્યા પછી ઓર્બિટલ લેબોરેટરીના સંચાલનનું મૂલ્યાંકન કરવા માટે લોન્ચિંગ તારીખ ૨૨ જૂન નક્કી કરવામાં આવી હતી. ભારત દ્વારા અવકાશ સંશોધન ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

# અષાઢ મહિનામાં ધાર્મિક, સામાજિક ઉત્સવોની આનંદમય ઉજવણી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું ખાસ મહત્વ છે. એમાંય ધાર્મિક ઉત્સવો લોકો માટે આનંદનો અવસર બને છે. આવો જ એક ઉત્સવ છે અષાઢી બીજનો, માનવી કાળજાળ ગરમીથી ગળે આવી જાય પછી અષાઢી બીજના અમી છાંટણા પડે. માટીની મીઠી સુગંધ અને કોયલના ટહુકારથી વાતાવરણ અનેરૂ બની જાય. અષાઢી બીજ એ ગુજરાતી કેલેન્ડરના અષાઢ માસના સુદ પક્ષનો બીજો દિવસ છે, જેને ગુજરાતીમાં અષાઢ સુદ બીજ કહેવાય છે. આ દિવસ ગુજરાત અને ખાસ કરીને કચ્છ પ્રદેશમાં ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. અષાઢી બીજનું મહત્વ જેવું તેવું નથી. આ મહત્વ હવે વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ભુલાતું જાય છે પરંતુ અમુક પરંપરાઓ હજી જીવંત છે એટલે આ આનંદનો અવસર લોકો ખુશીથી ઉજવે છે.

બાર મહિનામાં અષાઢ મહિનાનું મહત્વ અનોખું છે. અષાઢ મહિનો હિંદુ વૈદિક પંચાગ (વિક્રમ સંવત)નો નવમો મહિનો છે અને આ મહિનો જેઠ મહિના પછી તથા શ્રાવણ મહિના પહેલાં આવે છે. આ મહિનો ધાર્મિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે આ સમયે ભગવાન વિષ્ણુની વિશેષ પૂજા, ઉપવાસ, વ્રતો અને તહેવારો ઉજવવામાં આવે છે.

અષાઢ મહિનામાં ભગવાન જગન્નાથની રથયાત્રા, દેવશયની એકાદશી (જ્યારે ભગવાન વિષ્ણુ ચાર મહિના સુધી નિદ્રામાં જાય છે), ગુરુ પૂર્ણિમા, સંકટ ચતુર્થી, ગૌરીવ્રત, અલૂણા (મોળાકત) અને અન્ય મહત્વના તહેવારો આવે છે. આ મહિનો ભગવાન શિવ અને વિષ્ણુ બંનેને સમર્પિત છે.

આ મહિનો વરસાદનો પ્રારંભ, ખેતીની તૈયારી અને સંસ્કૃતિક ઉત્સવોનો સમય છે. અષાઢ મહિનામાં કરવામાં આવતા શુભ કાર્યો, ઉપવાસો અને વ્રતો વ્યક્તિને ધન, સુખ, સમૃદ્ધિ અને આયુષ્ય આપવા માટે મહત્વપૂર્ણ મનાય છે. કચ્છી નવું વર્ષ કચ્છી લોકો માટે અષાઢી બીજ નવા વર્ષની શરૂઆતનો દિવસ છે. આ દિવસે લોકો એકબીજાને શુભેચ્છા આપે છે અને નવા વર્ષની ખુશીઓ ઉજવે છે.

વરસાદ અને વતનપ્રેમ સાથે અષાઢી બીજની ઉજવણી જોડાયેલી છે. તે કુદરત (વરસાદ) અને વતનપ્રેમના પ્રતીકરૂપે મનાય છે. કચ્છમાં આ દિવસે લોકો ભેગા થાય છે, ગીતો ગાય છે, અને એકબીજા સાથે ખાય છે. કાઠીયાવાડમાં બાજરીનું મહત્વ સૌથી વિશેષ છે. કચ્છમાં આ દિવસે બાજરીના કણકની ખાસ પ્રસાદી બનાવવામાં આવે છે. બાજરીને આયુષ્યના પ્રતીકરૂપે ગણવામાં આવે છે. દેશભરમાં અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે. અમદાવાદ, ભાવનગર જેવા શહેરોમાં આ યાત્રા મોટા ઠાઠમાઠથી યોજવામાં આવે છે. અષાઢી બીજની ઉજવણી અનોખી રીતે કરવામાં આવે છે. આ દિવસે લોકો લાપસીના આંધણ મૂકે છે. સાથો સાથ મીઠા ભાત, ફાડા લાપસી જેવી વિશેષ વાનગીઓ બનાવવામાં આવે છે. આ દિવસે લોકો ગીતો ગાય છે, ઢોલ-નગારા વગાડે છે અને નૃત્ય કરે છે. આજના મોબાઈલ યુગમાં પણ કચ્છ સૌરાષ્ટ્રના ગામડાઓમાં પરિવાર અને સમાજ સાથે અષાઢી બીજની ઉજવણી મોટાપાયે કરવામાં આવે છે. આ દિવસે રણુજાના રાજા રામદેવને ખાસ યાદ કરી રામાપીરના આખ્યાન કરવામાં આવે છે. તેના ભજનોના કાર્યક્રમ રાખવામાં આવે છે. પરિવાર અને સમાજ સાથે ઉજવણી કરવામાં આવે છે. સૌ ભેગા થઈને ખાય-પીવે છે, એકબીજાને શુભેચ્છા આપે છે અને નવા વર્ષની શુભકામનાઓ કરે છે. અષાઢી બીજ એ ગુજરાત અને કચ્છની લોકસંસ્કૃતિનો એક અગત્યનો દિવસ છે. અષાઢી બીજનો ઈતિહાસ અને તેની પરંપરા શહેરી વિસ્તારોમાં ઓછી થતી જાય છે પરંતુ હવે નાના મોટા નગરોમાં ભગવાનની રથયાત્રા નીકળતા આ ઉત્સવમાં નવો પ્રાણ પુરાયો છે. ખાસ કરીને અમદાવાદ અને ભાવનગરની અંદર ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે લાખો લોકો આવે છે. બીજી દ્રષ્ટિએ જોઈએ તો અષાઢી બીજનો ઈતિહાસ અને પરંપરા ખાસ કરીને કચ્છ પ્રદેશ સાથે જોડાયેલી છે. કચ્છમાં આ દિવસને નવા વર્ષ તરીકે ધામધૂમથી ઉજવવામાં આવે છે અને આ પરંપરા રાજાશાહી સમયથી ચાલી આવે છે. મુખ્ય ઈતિહાસ મુજબ, કચ્છના રાજા જામ લાખો ફૂલાણી (અથવા તેમના કાળના રાજવીઓ) રાજ્યની સીમા અને પૃથ્વીનો છેડો શોધવા નીકળ્યા હતા, પરંતુ નિષ્ફળતા મળી. જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે અષાઢ માસની શરૂઆતમાં વરસાદ અને હરિયાળી જોઈને રાજા પ્રસન્ન થયા અને અષાઢી બીજને નવા વર્ષ તરીકે ઉજવવાનો હુકમ કર્યો. કચ્છી પંચાંગ મુજબ કચ્છના રાજા ખેંગારજી ત્રીજાએ કચ્છી પંચાંગ શરૂ કરાવ્યું હતું, જેમાં અષાઢી બીજ નવા વર્ષની શરૂઆત છે. જાડેજા રાજવંશના લોકો માટે પણ આ દિવસ વિશેષ છે. કચ્છમાં જાડેજા રાજ્યની સ્થાપના સાથે આ દિવસની ઉજવણી વધુ લોકપ્રિય બની. આ પરંપરા આજે પણ જીવંત છે. દરિયાખેડુ અને ખેડૂતો માટે અષાઢી બીજનું મહત્વ ખૂબ મોટું છે. દરિયાખેડુ લોકો આ સમયે દરિયો ખેડી પાછા આવે છે અને ખેડૂતો પોતાની ખેતીની શરૂઆત કરે છે.

સાંસ્કૃતિક ઉજવણી સાથે જોડાયેલી પરંપરા આજે પણ ચાલુ છે. લોકો રામાપીરના આખ્યાન કરે છે. રામાપીરનો હેલો ગાય છે. રાજસ્થાનમાં પરંપરા ખૂબ મોટા પાયા પર ચાલી રહી છે તેને પગલે કચ્છમાં તેનું મહત્વ વધતું જાય છે. ગાય છે, ઢોલ-નગારા વગાડે છે, ઘરે દીવા સળગાવે છે અને મીઠાઈઓ વહેંચે છે. આમ, અષાઢી બીજ એ કચ્છની લોકસંસ્કૃતિ, ઈતિહાસ અને ધાર્મિક પરંપરાનો મહત્વપૂર્ણ દિવસ છે. દરિયાખેડુ પ્રજા માટે આ તહેવારનું વિશેષ મહત્વ છે. કારણ કે આ દિવસે દરિયાખેડુઓ દરિયો ખેડીને પોતાના ઘરે સુરક્ષિત પાછા આવે છે અને પરિવાર સાથે ખુશીથી ઉજવણી કરે છે. કચ્છ પ્રદેશમાં આ તહેવાર કચ્છી નવા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે, જેની સાથે દરિયાખેડુઓની મહેનત, સાહસ અને વતનપ્રેમનો સીધો સંબંધ છે. દરિયાખેડુ પરિવારો આ તહેવારે એકબીજાને મળે છે, ખાય-પીવે છે અને લોકગીતો અને સંગીત સાથે આખી રાત ઉજવણી કરે છે. આમ, અષાઢી બીજ દરિયાખેડુ પ્રજા માટે એકતા, આનંદ અને સુરક્ષિત વતન પરત ફરવાનું પ્રતીક છે. આ તહેવારના માધ્યમથી લોકોમાં શું સામાજિક સંદેશો પહોંચાડવામાં આવે છે?

અષાઢી બીજ એ લોકોને એકબીજા સાથે જોડવાનો, સંસ્કૃતિ સાચવવાનો અને સમાજમાં સારી ભાવના ફેલાવવાનો મહત્વપૂર્ણ તહેવાર છે. અષાઢ મહિનામાં જોડાયેલી રથયાત્રા અને ગુરુ પૂર્ણિમા બંનેનો અર્થ ધાર્મિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક રીતે ખૂબ મહત્વપૂર્ણ છે. અષાઢ મહિનામાં ભગવાન જગન્નાથ, સુભદ્રા અને બલભદ્રની રથયાત્રા મોટા ઠાઠમાઠથી નીકળે છે. આ યાત્રા એકતા, ભાઈચારા અને ધાર્મિક શ્રદ્ધાનું મહત્વપૂર્ણ પ્રતીક છે. લોકો માને છે કે રથયાત્રામાં ભાગ લેવાથી જીવનમાં શુભ અને મોક્ષ પ્રાપ્ત થાય છે. અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસે ગુરુઓનું પૂજન અને સન્માન કરવામાં આવે છે, જેમાં મહર્ષિ વેદવ્યાસનું સન્માન મુખ્ય છે. ગુરુ પૂર્ણિમા એ શિષ્ય-ગુરુ પરંપરા, જ્ઞાન, માર્ગદર્શન અને ગુરુઓ પ્રત્યેના આદરનો સંદેશ આપે છે. આ દિવસે ગુરુની કૃપા અને આશીર્વાદ મેળવવાની પરંપરા છે. બંને તહેવારો અષાઢ મહિનાની ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતનું મહત્વ દર્શાવે છે.

**અષાઢ મહિનામાં ધાર્મિક અને સામાજિક ઉત્સવની પરંપરા ચાલી આવે છે. ખેડૂતો, સાગરખેડુઓ માટે આ મહત્વનો મહિનો છે તો કચ્છી સમાજ માટે નવા વર્ષનો પ્રારંભ છે.**

## શબ્દ સંજોગ-૨૦૨૪




**આડી ચાવી :**
(૧) અક્ષર કે માત્રાના મેળ-નિયમથી બનેલી કવિતા (૨)
(૨) સાથ, સોબતની હુંફ (૩)
(૪) યજ્ઞ, હવન (૨)
(૬) મોત, મૃત્યુ (૩)
(૭) ગત, અતીત (૩)
(૮) પીડા, દુઃખ (૩)
(૯) ગંગાને મળનારી એક નદી, કાલિંદી (૩)
(૧૧) જૂઠ્ઠુ, અસત્ય (૨)
(૧૫) એક પછી એક, તરત જ (૪)
(૧૮) લાકડું, કાઠી (૨)
(૧૯) વીંટો, પિંડો (૨)
(૨૨) યાચક માંગવા જતા સંભળાવે તે (૩)
(૨૪) એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૨૬) પ્રયોજન, હેતુ (૨)
(૨૭) બોરડીનું ફળ (૨)
(૨૮) અંતઃકરણ, મન (૩)

**ઉભી ચાવી :**
(૧) છંદ કે વૃત, કવિતાનું માપ અથવા રાગ (૪)
(૨) શંકર, મહાદેવ (૨)
(૩) વેપાર, ધંધો (૩)
(૪) એક કઠોળ (૨)
(૫) ભય, જોખમ (૩)
(૬) મનુષ્ય તરીકેની જિંદગી (૩)
(૭) સિવાય, વગર (૨)
(૧૦) વાંદરો, વાનર (૩)
(૧૨) આજ કાલની પેઢીને..... કરવાની આદત પડી ગઈ છે (૩)
(૧૩) વસ્ત્ર (૨)
(૧૪) પીઠ, વાંસો (૨)
(૧૬) શુક, કીર (૩)
(૧૭) એક અટક (૩)
(૧૮) સંદેશો લાવનાર લઈ જનાર આદમી, ખેપિયો (૩)
(૨૦) લલકારેલું ગાન (૪)
(૨૧) નાટકનો એક પ્રકાર જેમાં એક પાત્ર જ રંગભૂમિ પર આવે છે (૨)
(૨૨) માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
(૨૫) નાશવંત, મરવાના નસીબવાળું (૨)

## શબ્દ સંજોગ-૨૦૨૩ જવાબ

**આડી ચાવી:** (૧) ઉત્તમ (૩) શંકર (૭) કર્ક (૮) પાવો (૯) નજર (૧૧) દાસી (૧૨) ડખો (૧૩) રજો (જોર) (૧૪) અદા (૧૫) નામ (૧૬) નાયક (૧૮) પા (૧૯) રુમ (૨૨) વચન (૨૪) વા (૨૫) વમન (૨૭) બોલ (૨૯) કસર (૩૦) અરસપરસ (૩૧) ડીન.

**ઉભી ચાવી :** (૧) ઉશીનર (૨) મકર (૪) કપાસી (૫) રવો (૬) તણખો (૧૦) જજોના (૧૧) દાદા (૧૨) ડમરૂ (૧૪) અકચ (૧૭) પવન (૨૦) મવાલ (૨૧) સાવ (૨૩) નટી (૨૬) મહેર (૨૭) બોરડી (૨૮) જંપ (૨૯) કસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૬૪ |
| ઘઉં લોકવન | ૪૯૯ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૬૧ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૫૦ |
| જુવાર લાલ | ૬૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૮૦ | ૪૫૦ |
| બાજરી | ૩૯૦ | ૪૨૪ |
| તુવેર | ૧૦૮૫ | ૧૩૧૬ |
| ચણા પીળા | ૯૯૫ | ૧૧૧૮ |
| ચણા સફેદ | ૧૨૪૦ | ૧૯૬૦ |
| અડદ | ૧૧૬૦ | ૧૪૩૦ |
| મગ | ૧૩૪૦ | ૧૬૬૫ |
| વાલ દેશી | ૨૫૦ | ૧૨૨૫ |
| ચોળી | ૧૩૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૧૧૪૦ | ૨૨૫૧ |
| રાજમા | ૭૯૦ | ૧૪૮૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૧૨૧ |
| મગફળી જીણી | ૯૬૦ | ૧૨૦૦ |
| અળશી | ૧૩૨૬ | ૧૩૨૬ |
| તલી | ૧૪૧૧ | ૨૧૪૧ |
| એરંડા | ૧૦૮૦ | ૧૩૦૬ |
| અજમો | ૯૦૦ | ૧૪૯૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૯૮ | ૮૩૮ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૫ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૪૪૪ |
| લસણ | ૭૫૦ | ૧૪૧૫ |
| ધાણા | ૧૧૩૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૪૨૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૩૯૫ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૮૧૫ |
| રાય | ૧૧૨૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૩૦ | ૧૨૨૦ |
| ઇસબગુલ | ૧૩૧૫ | ૨૦૬૦ |
| અશેરીયો | ૧૧૦૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૩૪૦૦ | ૩૯૮૫ |
| રાયડો | ૧૦૮૦ | ૧૨૨૦ |
| રજકાનું બી | ૪૧૦૦ | ૫૦૦૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૫૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૩૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કોથમરી | ૫૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૩૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૪૦૦ | ૭૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૫૦ |
| ગાજર | ૩૫૦ | ૫૩૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૬૭ |
| શિંગ મોટી | ૮૨૯ | ૧૧૯૦ |
| શિંગદૃ નં. | ૮૦૦ | ૮૦૦ |
| ગીરનારશીંગ | ૧૦૩૬ | ૧૧૦૧ |
| શિંગ દાણા | ૧૨૫૦ | ૧૮૮૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૯૫ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૩૨૦ |
| તલ કાળા | ૨૦૫૦ | ૩૩૫૦ |
| તલ કાશ્મીરી | ૧૦૦૦ | ૨૨૯૫ |
| બાજરો | ૩૫૦ | ૪૨૨ |
| જુવાર | ૫૧૨ | ૮૩૨ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૭ | ૫૩૧ |
| મગ | ૧૦૨૦ | ૧૪૭૦ |
| અડદ | ૮૫૦ | ૧૩૧૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| તુવેર | ૭૧૦ | ૧૨૮૦ |
| કપાસ | ૮૫૪ | ૧૬૫૧ |
| એરંડા | ૧૦૭૫ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૨૭૫ | ૩૪૭૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| મેથી | ૬૦૦ | ૮૩૫ |
| સોયાબીન | ૬૪૫ | ૮૦૯ |
| કાંગ | ૪૨૫ | ૫૦૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૫૦ |
| શક્કરીયા | ૬૫૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૫૦ | ૭૮૦ |
| દુધી | ૧૦૦ | ૧૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| કાકડી | ૩૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાંણા | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૩૦ |
| કોથમીર | ૬૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| સરગવો | ૮૫૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૦૦ |
| પાલક | ૭૫૦ | ૮૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૫૬ |
| મગફળી જીણી | ૮૨૧ | ૧૧૪૧ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૬૪૧ |
| સિંગ ફાડીયા | ૯૫૦ | ૧૪૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૩૧૧ |
| તલ કાળા | ૧૭૭૬ | ૩૩૯૬ |
| જીરૂ | ૨૪૫૧ | ૩૯૧૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૮૭૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૬૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૨૯૬ |
| અડદ | ૯૦૧ | ૧૩૯૧ |
| મઠ | ૫૫૧ | ૫૫૧ |
| તુવેર | ૪૭૬ | ૧૩૫૧ |
| રાય | ૯૭૬ | ૧૨૩૧ |
| મેથી | ૫૫૧ | ૯૨૧ |
| કાંગ | ૨૩૧ | ૫૩૧ |
| સુરજમુખી | ૯૬૧ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૭૧૧ | ૧૨૩૬ |
| સફેદ ચણા | ૧૧૦૬ | ૨૦૮૧ |
| મગફળી નવી | ૮૩૬ | ૧૨૮૬ |
| તલ - તલી | ૧૩૫૦ | ૨૧૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૮૧ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૬૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૫૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| વાલ | ૫૦૧ | ૯૩૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૯૭૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૨૧ |
| ગોગળી | ૫૭૧ | ૧૦૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૨૫ |
| મૂળા પુરા | ૧૦ | ૨૫ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| alavipan | ૮ | ૧૨ |
| parvar | ૫૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૫ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૨૪ | ૪૦ |
| ચોરા | ૬૦૦ | ૨૦૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૪૦ |
| ફણશી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૧૦ |
| સક્કરજન | ૧૬૦૦ | ૩૦૦૦ |
| કેળા | ૩૦૦ | ૬૦૦ |
| કમલમ | ૬૦૦ | ૧૪૦૦ |
| ગુલાબ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| બદામ કેરી | ૪૦૦ | ૭૦૦ |
| દશેરી કેરી | ૫૨૦ | ૭૦૦ |
| પીચ | ૮૦૦ | ૧૦૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૬૦૦ |
| કીવી | ૨૨૦૦ | ૨૫૦૦ |
| કેસર કેરી | ૮૦૦ | ૧૬૦૦ |
| આલુચા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ખારેક | ૮૦૦ | ૩૦૦૦ |
| તોતાપુરી કેરી | ૪૦૦ | ૬૦૦ |
| નીલમ કેરી | ૨૦૦ | ૪૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૬ |
| મગ | ૧૦૩૦ | ૧૩૮૧ |
| શીંગ દાણા | ૧૪૦૫ | ૧૫૫૦ |
| શીંગ ફાડા | ૧૧૪૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૫૧ | ૭૮૦ |
| મેથી | ૭૬૦ | ૭૬૦ |
| ચોળી | ૧૦૦૫ | ૧૦૨૫ |
| કપાસ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૬૬ |
| ઘઉં લોકવન | ૩૮૫ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૧૧ |
| ચણા | ૯૫૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૦૦૫ | ૧૨૭૦ |
| શીંગફાડા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| મગફળી | ૮૦૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૧૨૪૫ | ૨૨૦૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૬૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| તલ કાળા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૧૨૨૦ | ૧૩૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૬૧ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| મગફળી | ૧૦૧૫ | ૧૦૭૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૦૬૫ |
| તલ કાળા | ૨૫૭૦ | ૩૧૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૨૫ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૪૪૦ | ૩૧૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૨૫૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| બાજરો | ૩૫૦ | ૫૯૫ |
| જુવાર | ૬૩૬ | ૮૦૦ |
| મગ | ૧૧૩૫ | ૧૪૨૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૦૨૫ | ૧૧૭૫ |
| એરંડી | ૧૨૦૦ | --- |
| ધાણા | ૯૦૦ | --- |
| સોયાબીન | ૬૫૦ | ૭૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૫૭૧ | ૧૯૬૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૨૮૨૬ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૩૬૦ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૬૨ |
| જુવાર | ૫૧૦ | ૯૦૧ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| મગ | ૧૧૨૫ | ૧૪૦૧ |
| અડદ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| તુવેર | ૯૦૦ | ૧૧૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૨૬ | ૮૨૧ |
| રાય | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૯૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૮૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૬ |
| મગફળી | ૭૦૧ | ૧૦૦૧ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૨૦૨૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૧૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૦૫૧ |
| ધાણા | ૯૦૦ | ૧૨૬૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૨૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૧૧૨૩ |
| મગફળી ૩૨ નં. | ૯૨૧ | ૯૭૮ |
| મગફળી નવી | ૧૦૦૦ | ૧૦૪૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૧ |
| જુવાર | ૫૦૦ | ૮૬૦ |
| ચોળી | ૮૫૦ | ૧૭૯૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૧૩ |
| મગ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૮૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૨૧૦૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૪૭૨ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૨ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૪૨ |
| કાંગ | ૩૫૦ | ૪૨૬ |
| રજકો | ૩૦૦૦ | ૪૭૫૦ |
| **મહુવા** | | |
| શીંગ નવી | ૧૦૫૦ | ૧૪૦૫ |
| શીંગ ૩૨ | ૯૫૦ | ૧૦૭૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૦૯૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| જુવાર | ૨૮૦ | ૮૨૮ |
| બાજરી | ૨૩૨ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૮ |
| મેથી | ૫૦૦ | ૮૭૦ |
| અડદ | ૯૭૦ | ૧૩૭૦ |
| મગ | ૪૩૬ | ૧૪૪૮ |
| સોયાબીન | ૭૫૧ | ૭૯૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૦૭ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૨૩૨ |
| તુવેર | ૭૮૫ | ૧૧૭૦ |
| જીરૂ | ૧૬૧૦ | ૨૮૧૦ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૬૪ |
| ડુંગળી સફેદ | ૬૦ | ૨૭૯ |
| નાળીયેર | ૧૧૧૫ | ૨૫૬૩ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૦૫ | ૭૮૦ |
| બાજરો | ૩૯૫ | ૪૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૯ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૫ |
| તુવેર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૫૦ |
| વાલ | ૫૯૦ | ૯૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૧ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૯૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૨ |
| તલ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૨૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૬૫ |
| લસણ | ૫૭૫ | ૧૫૩૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૬૫ |
| અજમો | ૧૧૦૫ | ૨૫૭૫ |
| ધાણા | ૭૦૦ | ૧૨૭૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૨૦ |
| સોયાબીન | ૬૮૦ | ૮૧૫ |
| વટાણા | ૧૩૫૦ | ૧૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### કટોકટી દરમિયાન વિરોધ પ્રદર્શનો કરવા બદલ સાબરમતીમાં જેલવાસ ભોગવ્યો છતાં શરણાગતિ ન સ્વીકારી : દિલીપ સંઘાણી

# દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી ખાતે 'સંવિધાન હત્યા દિવસ' અંતર્ગત સ્મરણ કાર્યક્રમ સંપન્ન

અમરેલી તા.૨૫

'સંવિધાન હત્યા દિવસ-૨૦૨૫' અંતર્ગત અમરેલી મેડિકલ કોલેજના સભાગૃહમાં 'મીસાવાસી' અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મીસાવાસની સ્મરણાંજલિ રુપે તેમનું અને મીસાવાસી રામજીભાઈ કાપડિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે, વર્ષ ૧૯૭૫માં તત્કાલીન વડાપ્રધાન દ્વારા લાદવામાં આવેલી કટોકટી દરમિયાન હું વિદ્યાર્થીઓનું નેતૃત્વ કરતો હતો. આ કાયદાના વિરોધમાં અમરેલીમાં આશરે ૫,૦૦ વિદ્યાર્થીઓની રેલીનું નેતૃત્વ કર્યુ હતું. રાજ્યમાં તત્કાલીન સરકાર બદલતા મને અને રામજીભાઈને વિદ્યાર્થીઓના જનરલ સેક્રેટરી હોવાના કારણે રાતોરાત પકડી લેવામાં આવ્યા હતા. આ કાયદાનો વિરોધ કરવા બદલ અમારી






ધરપકડ કરી અમને સાબરમતી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. જેલમાં સારૂં ભોજન, કપડાં અને અન્ય કોઈ જરુરી વસ્તુ આપવામાં આવતી નહોતી. આ દરમિયાન અમરેલીના કેટલાક સાથીઓના જેલમાં જ અવસાન થઈ ગયા હતા. જેલવાસ દરમિયાન શરણાગતિ સ્વીકારું તો છોડી મૂકવાના પ્રલોભનો આપવામાં આવ્યા હતા છતાં મેં અન્ય મીસાવાસીઓની જેમ યાતનાઓ વેઠી પણ વૈચારિક શરણાગતિ ન સ્વીકારી અને કટોકટીનો વિરોધ કરવાનું ઉચિત માન્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સ્થાનિક લીગલ એક્સપર્ટ તરીકે ગૌતમભાઈ ગેડિયાએ કટોકટીની તવારીખ વર્ણવી હતી અને સંવિધાન જાગૃત્તિ રેલીને મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. ગાંધીનગરથી આયોજિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ આ કાર્યક્રમમાં સૌએ નિહાળ્યું હતું. ત્યારબાદ સંવિધાનના મહત્ત્વને સમજાવતી શોર્ટ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર દિલીપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા, મયૂરભાઈ માંજરિયા, ભાવનાબેન ગોંડલિયા, વિજયભાઈ ચોટલીયા, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ, શહેરના નાગરિકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જીગ્નેશભાઈ રામાણીની અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે વરણી



અમરેલી, તા.૨૫

અમરેલીના જાણીતા યુવા ઉદ્યોગપતિ જીગ્નેશભાઈ રામાણીની અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે. બુધવારે મળેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગમાં આ નિમણૂક અપાઈ હતી. જાણીતા યુવા ઉદ્યોગપતિને બેંકમાં નિમણૂક અપાતા તેમના પર સાર્વત્રિક અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## ગ્રામ પંચાયત ચૂંટણીમાં વિજેતા થયેલ સરપંચો-સભ્યોને અતુલ કાનાણીએ અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ, ભારતીય જનતા પાર્ટી, અમરેલી જિલ્લાના પ્રમુખ અતુલભાઈ બી. કાનાણીએ વિજેતા સરપંચો અને સભ્યોને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. તેમણે કુલ ૮૯ ચૂંટાયેલા સરપંચો અને ૨૯ બિનહરીફ વિજેતા સરપંચોને તેમજ તમામ ચૂંટાયેલા ગ્રામ પંચાયતના સભ્યોને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે લોકશાહીના આ પર્વને વ્યવસ્થિત અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ



કરવા બદલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. અતુલભાઈ કાનાણીએ લોકસેવાના કાર્યોમાં જરૂર જણાય ત્યાં ભાજપ જિલ્લા એકમનો સંપર્ક કરવા અને વિકાસના દરેક કાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી પણ આપી હતી.

## રાજનગર સોસાયટીના રસ્તા મુદ્દે તંત્રની ઉદાસીનતાઃ કોડીનાર તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અસંતોષ

કોડીનાર,તા.૨૫

કોડીનારની રાજનગર સોસાયટી નંબર ૧ અને ૨ ના રસ્તાઓ ખુલ્લા કરવા અંગેની સમસ્યા વણઉકેલી રહેતા સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.




આ મુદ્દે ગીર સોમનાથના કલેક્ટરને પણ અરજી કરાઈ હોવા છતાં, તેમજ કોડીનારના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ નિવારણ આવ્યું નથી. ગત ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રાજનગર સોસાયટીના તમામ રહીશો ઉપસ્થિત રહ્યા હતા અને આ મુદ્દે ફરિયાદ કરી હતી. જોકે, સ્થાનિકોને હવે એવું લાગી રહ્યું છે કે તંત્રની બેદરકારીને કારણે તેઓ ખૂબ મોટી હાલાકી ભોગવી રહ્યા છે.

## ધારી - તુલસીશ્યામ રેંજમાંથી સસલાનો શિકાર કરતા ઈસમોને વનવિભાગે ઝડપી લીધા



બગસરા, તા.૨૫

ધારી ગીર પૂર્વ વનવિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ દ્વારા આવા શિકારી તત્વો સામે કડક કાર્યવાહી કરવા સ્ટાફને સૂચના આપેલ હોય તે અન્વયે તુલસીશ્યામ રેંજના બોરાળા રાઉન્ડમાં સસલા પકડવાના ફાસલા સાથે ત્રણ વ્યક્તિઓને રંગે હાથ ઝડપી લીધા હતા. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમન પેટે આરોપીઓને રૂ.૩૦,૦૦૦ દંડ ફટકારીને જામીન ઉપર મુક્ત કરેલા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રૂ. ૧૮ હજાર કરોડના ૨૧ હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સની સમીક્ષા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં એક ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ૯ વિભાગોના રૂ. ૧૮ હજાર કરોડથી વધુના ૨૧ હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સની પ્રગતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્ય સચિવ પંકજ જોષી અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીએ તમામ પ્રોજેક્ટ્સ સમયમર્યાદામાં અને



ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસ રોલ મોડેલ તરીકેની છબીને વધુ ઉજ્જવળ બનાવવા આ પ્રોજેક્ટ્સના સમયબદ્ધ લોકાર્પણ-ખાતમુહૂર્તનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે મુખ્ય સચિવને પ્રોજેક્ટ્સની પ્રારંભિક કામગીરીથી લઈને પૂર્ણતા સુધી સંબંધિત વિભાગો વચ્ચે સંકલન માટે સમયાંતરે સમીક્ષા બેઠકો યોજવા સૂચન કર્યું હતું. સમીક્ષા કરાયેલા મુખ્ય પ્રોજેક્ટ્સમાં સુરત-વાપીમાં ડીપ-સી પાઈપ લાઈન, ભાવનગર બ્રાઉન ફીલ્ડ પોર્ટ ડેવલપમેન્ટ, ધોરીમાર્ગોનું વિસ્તૃતિકરણ, સુરત અને માણસામાં નવી સિવિલ હોસ્પિટલોનું નિર્માણ, અમદાવાદમાં ૧૦ હજાર EWS આવાસો અને ખેડાના ખલાલમાં અદ્યતન પોલીસ તાલીમ કેન્દ્રનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ ગુણવત્તા ખાતરીને અગ્રતા આપવા અને કેન્દ્રીય એજન્સીઓ સાથે પણ સંકલન જાળવવા નિર્દેશ આપ્યા હતા.

## ધોરાજીમાં મહિલાઓએ રોડ રસ્તા મુદ્દે ચક્કાજામ કરી રામધૂન બોલાવી વિરોધ કર્યો

ધોરાજી, તા. ૨૫

ધોરાજી સંજય નગરની મહિલાઓએ રોડ રસ્તાના પ્રશ્નને લઈ જમનાવડ રોડ પર ચક્કાજામ કરી રામધૂન બોલાવી વિરોધ કર્યો હતો. ધોરાજીના જમનાવડ રોડ સંજય નગર ખાતે છેલ્લા ઘણા વર્ષોથી મહિલાઓ તેમજ આ વિસ્તારના રાહદારીઓ રોડ રસ્તા અને પાણીના પ્રશ્ને પરેશાન થઈ રહ્યા છે. હાલમાં પ્રથમ વરસાદમાં જ આ વિસ્તારમાં કાદવ કિચડ થઈ




જતા મોટરસાયકલ પણ ચાલતા નથી અને કાદવમાં ફસાઈ જાય છે આ બાબતે ધોરાજી નગરપાલિકાને અવારનવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ ઉકેલ નહીં આવતા બુધવારે પ્રથમ સંજયનગર વિસ્તારની મહિલાઓએ થાળી વેલણ વગાડીને નગરપાલિકાને જગાડવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેનો અવાજ નગરપાલિકા તંત્રના બહેરા કાન સુધી નહીં પહોંચતા અંતે મહિલાઓએ પોતાના આક્રોશ સાથે ધોરાજીના જમનાવડ રોડ ઉપર જઈને રસ્તાનો ચક્કાજામ કર્યો હતો. રોષે ભરાયેલી મહિલાઓએ રસ્તા ઉપર બેસી જઈને રામધૂન બોલીને વિરોધ નોંધાવ્યો હતો. આ સમયે તાત્કાલિક ધોરાજી સીટી પોલીસ સ્ટેશન દ્વારા સ્થળ ઉપર પહોંચીને મહિલાઓને વિખેરવાનો પ્રયત્ન કર્યો હતો.

અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૬

## અમરેલી જિલ્લામાં ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો આજથી પ્રારંભ

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫નો પ્રારંભ ૨૬ જૂનથી થશે, જે ૨૮ જૂન સુધી ત્રિ-દિવસીય ઉજવણીરૂપે ચાલશે. આ પ્રવેશોત્સવ અંતર્ગત જિલ્લામાં કુલ ૧૧,૪૮૩ બાળકો બાળવાટિકામાં અને ૧૩,૪૩૯ ભૂલકાં ધોરણ-૧માં રંગેચંગે શાળા પ્રવેશ કરશે. વધુમાં, ધોરણ-૯માં ૧૭,૪૮૦ અને ધોરણ-૧૧માં ૯,૬૨૯ વિદ્યાર્થીઓનું પણ સ્વાગત કરવામાં આવશે. આ ઉત્સવ ૭૬૩ સરકારી પ્રાથમિક શાળાઓ સહિત જિલ્લાની કુલ ૯૨૧ પ્રાથમિક શાળાઓમાં યોજાશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૫૫ સરકારી સહિત કુલ ૩૨૮ શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવાશે. આ કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ૫,૭૪૦ કન્યાઓ બાળવાટિકામાં, ૬,૬૦૮ ધોરણ-૧માં, ૮,૦૯૪ ધોરણ-૯માં અને ૪,૪૭૩ ધોરણ-૧૧માં પ્રવેશ મેળવશે. આ કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## અમરેલી જિલ્લા કલેક્ટર તરીકે પદભાર સંભાળતા વિકલ્પ ભારદ્વાજ

અમરેલી, તા.૨૫

વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળ્યો છે. વિકલ્પ ભારદ્વાજ વર્ષ-૨૦૧૭ની બેચના આઈ.એ.એસ. છે. આ અગાઉ તેમણે જામનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવી તેમની સેવાઓ પૂરી પાડી હતી. વિકલ્પ ભારદ્વાજ મૂળ ઉત્તરપ્રદેશના વતની છે. તેમણે દિલ્હી આઈ.આઈ.ટી. ખાતેથી બી.ટેક.નો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત તેમણે એમ.એ. (પબ્લિક એડમિન) ની પદવી હાંસલ કરી છે. અમરેલી જિલ્લા કલેકટર તરીકે



પદભાર સંભાળ્યા બાદ તેમણે જિલ્લાના સર્વાંગીય વિકાસને આગળ ધપાવવાની નેમ વ્યક્ત કરી હતી.

### -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૭૪/૨૦૨૫

પ્રતિ,
શ્રી ચુનીલાલ ભગવાનભાઈ બામણિયા
રહે. કોટડા, ગામ - કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વકીલશ્રી એલ.એસ.સોસા રહે.કોડીનાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ માઢવાડ કોટડા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ શ્રી ભગવાનભાઈ ભીખાભાઈ બામણિયા તથા શ્રી રતનબેન ભગવાનભાઈ બામણિયાના પુત્ર શ્રી દેવજીભાઈ ભગવાનભાઈ બામણિયા નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૪ ના રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કોટડા ગામના સને.૧૯૭૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા).
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૬૩/૨૦૨૫
મુદત તા. ૨૪/૦૭/૨૦૨૫

અરજદાર : પરમાર બેચરભાઈ માંડણભાઈ ઉવ.૮૦
રહે. મોટા બારમણ, તા. ખાંભા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મોટા બારમણ, તા. ખાંભા, જિ. અમરેલી
અરજદારના વિ.વકીલશ્રી : પી.આર.જોગદિયા

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના ભાઈની દિકરી ચંપાબેન કરશનભાઈ પરમાર નો જન્મ તા. ૦૧/૦૫/૧૯૭૬ ના રોજ મોજે ગામ: મોટા બારમણ, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના ભત્રીજીની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૯ 'મી, માહે જુન, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| સહી | | સહી | સહી |
| (આર.વી.ચૌહાણ) | | (કે.પી.રામોલીયા) | (એ.એસ.દવે) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર ખાંભા |

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૪૭/૨૦૨૫ — તા.૨૪/૦૬/૨૦૨૫

શ્રી પરેશકુમાર ગિરધરભાઈ રાઠોડ
રહે. પાર્વતીનગર સોસાયટી-૧, શેરી નં. ૩,
મકાન નં. ૧૦૭, કતારગામ, સુરત ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, જાંબુડી, તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી પરેશકુમાર ગિરધરભાઈ રાઠોડ રહે. કતારગામ, સુરત એ તેમનો જન્મ તા.૨૦/૧૦/૧૯૮૭ ના રોજ વિસાવદર તાલુકાના જાંબુડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, જાંબુડી, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, જાંબુડી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૪ મી જુન ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|
| સહી. | | સહી. |
| (પી.વી. શિંગડીયા) | | (એન.બી. લાંઘણોજા) |
| નાયબ મામલતદાર | | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૪૫/૨૦૨૫ — તા.૨૪/૦૬/૨૦૨૫

શ્રી રાજેશભાઈ પ્રેમજીભાઈ માંગરોળીયા
રહે. સાંખડાવદર, તા.જુનાગઢ, જી.જુનાગઢ ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, લીમધ્રા, તા. વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રાજેશભાઈ પ્રેમજીભાઈ માંગરોળીયા રહે. સાંખડાવદર, તા. જુનાગઢ, જી. જુનાગઢએ તેમની પુત્રીશ્રી સ્નેહલ રાજેશભાઈ માંગરોળીયાનો જન્મ તા.૨૩/૦૧/૧૯૯૫ ના રોજ વિસાવદર તાલુકાના લીમધ્રા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, લીમધ્રા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, લીમધ્રા, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૪ મી જુન ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|
| સહી. | | સહી. |
| (પી.વી. શિંગડીયા) | | (એન.બી. લાંઘણોજા) |
| નાયબ મામલતદાર | | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

# રાજ્યમાં ૨૬થી ૨૮ જૂન સુધી શાળા પ્રવેશોત્સવ યોજાશે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતમાં રાજ્યની તમામ સરકારી શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી



મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિદિવસીય કાર્યક્રમ ૨૬ જૂનથી ૨૮ જૂન, ૨૦૨૫ દરમિયાન યોજાશે, જેનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં શિક્ષણનું ૧૦૦% નોંધણી લક્ષ્ય હાંસલ કરવું, ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવો અને ખાસ કરીને બાળકીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સિનિયર મંત્રીઓ, ધારાસભ્યો અને ૪૦૦થી વધુ ઉચ્ચ અધિકારીઓ સહિત પદાધિકારીઓ હાજર રહેશે. જાગૃતિ અભિયાન દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણના મહત્વ અંગે વાલીઓ અને સમાજમાં જાગૃતિ ફેલાવવા ઝુંબેશ ચલાવવામાં આવશે.






## ઘટના સ્થળે પહોંચી બાળકની માત્ર ખોપરી મળી આવી

# સાવરકુંડલાના થોરડીમાં સિંહે ૫ વર્ષીય માસૂમને ફાડી ખાધો

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા તાલુકાના થોરડી અને રાજુલાની બોર્ડર વિસ્તારમાં એક દુખદ ઘટના બની છે. મધ્યપ્રદેશના ખેતમજૂર પરિવાર સાથે રહેતા ૫ વર્ષના બાળક ગુલસિંગ હરિલાલ અજમેરાને સિંહે વાડીથી ૨૦૦ મીટર દૂર ઝાડીમાં ઢસડી જઈને ફાડી ખાધો હતો. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જી દીધો છે. ત્યારે વન વિભાગે સિંહને ટ્રેન્ક્યુલાઈઝર દ્વારા તેને નિષ્ક્રિય કરીને ગણતરીના કલાકમાં પાંજરે પુરવામાં સફળતા મેળવી છે. સાવરકુંડલા તાલુકાના થોરડી ગામની સીમમાં આવેલા ખેડૂત અશોકભાઈ રતીભાઈ બરવાળીયાની વાડીમાં ભાગીયા ખેતમજૂર તરીકે આ પરિવાર કામ કરતો હતો. આ દરમિયાન સિંહ આવી જતા માસૂમ બાળક ગુલસિંગ અજમેરાને સિંહ ઉઠાવી ફાડી ખાધો હતો. પરિવારે બચાવવા માટે પ્રયાસ કરતા સિંહે સામે હુમલાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ બાવળની કાંટાળી ઝાડીમાં લઈ જઈ શિકાર કર્યો હતો. વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે બાળકની માત્ર ખોપરી મળી આવી હતી. જેને પીએમ માટે સાવરકુંડલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ વનવિભાગની અલગ અલગ ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી.



તસવીર : સૌરભ દોશી

### પિતા બચાવવા જતાં સિંહે તેમની પાછળ દોડ્યો

મૃતકના પિતા હીરાભાઈ અજમેરાએ જણાવ્યું હતું કે, બપોરે અઢી વાગે છોકરા રોટલો ખાવા જતા હતા. એક છોકરાને સિંહ ઉપાડી લઈ ગયો. મારા ઘરના બિયારણ લગાડતા હતા. હું વાડીયે રોટલો ખાવા જતાં પાછળથી સિંહ આવ્યો હતો, અમે પાછળ દોડ્યા તો સિંહ અમારી પાછળ દોડ્યો હતો. અમે શેઠને ફોન કર્યો કે મારા છોકરાને સિંહ ઉપાડી લઈ ગયો છે.

### ટ્રેન્ક્યુલાઈઝરથી સિંહ પકડાયો

બાળક પરના હુમલા સ્થળે જ સિંહને ટ્રેક કરવામાં આવ્યો અને ટ્રેન્ક્યુલાઈઝર દ્વારા તેને નિષ્ક્રિય કરીને પાંજરે પુરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં વનવિભાગે ગણતરીની કલાકોમાં જ સફળતા મેળવી હતી. સિંહને એનિમલ કેર સેન્ટર ખસેડાયો છે.

### ૮ મહિનામાં સિંહના ૭ જીવલેણ હુમલા

ગીરના સિંહો માટે પ્રખ્યાત અમરેલી જિલ્લામાં છેલ્લા ૮ મહિનામાં સિંહના હુમલાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. આ સમયગાળામાં ૭ જીવલેણ હુમલાઓમાં ૬ લોકોના જીવ ગયા છે, જ્યારે કેટલાક ઘાયલ થયા છે. આ ઘટનાઓએ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જી દીધો છે અને વનવિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે.











